**સુવિચાર**

''માફી માંગનાર મજબૂર હોય શકે છે, પણ માફી આપનાર તો મજબૂત જ હોય છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૧/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ પોષ વદ-૧ વર્ષ : ૧૭ અંક : ૦૨૦


## દર મહિને લાખો રૂપિયાનાં ખર્ચ બાદ યોગ્ય સ્વચ્છતા થતી નથી

# અમરેલીમાં સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં ઠેકઠેકાણે ગંદકીનો માહોલ

**શહેરનાં ક્રીમ વિસ્તાર ગણાતાં ચિતલ રોડનાં રહેણાંક વિસ્તારોમાં ઠેકઠેકાણે ઉકરડા જોવા મળે**

**પાલિકાનાં ઉચ્ચ અધિકારીઓ માત્ર સુચનાઓ આપી સંતોષ માનતા હોય તેવુ લાગી રહ્યુ છે**

**પાલિકાએ બહારગામની એજન્સીને સફાઈની જવાબદારી સોંપી હોય યોગ્ય કામગીરી થતી નથી**

**શહેરીજનો પણ સતત ગંદકીના માહોલથી ત્રાહિમામ હોય પાલિકાના શાસકો યોગ્ય કરે તેવી માંગ**






અમરેલી, તા. ૩

અમરેલી શહેરમાંથી ગંદકી દુર કરવા માટે દર મહિને અર્ધા કરોડનાં કરતાં પણ વધારે રકમનો ખર્ચ જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થતો હોવા છતાં પણ શહેરમાંથી ગંદકી દુર થતી નથી.

શહેરનાં સૌથી ક્રીમ વિસ્તાર ગણાતા ચિત્તલ રોડ ઉપરનાં રહેણાંક વિસ્તારની જાહેર ગલીઓ અનેક જગ્યાએ ગંદકીનાં ઢગ ખડકાયા હોય સ્થાનિક નગરસેવકે પણ નારાજગી વ્યકત કરી છે.

પાલિકાનાં વિપક્ષી નેતા સમીર કુરેશીએ પણ આ બાબતે ચીફ ઓફિસરને પત્ર પાઠવીને જણાવેલ છે કે, અમરેલી શહેરની સુખાકારી વધારવા સારૂ સંસ્થા દ્વારા જે કચરાવાળા જુનાગઢની એજન્સીને સમગ્ર શહેરમાંથી ડોર ટુ ડોર કચરા કલેકશન, રોડ રસ્તા, સફાઈ અને સ્પોટ કલેકશનની કામગીરી કરવાનું કામ અપાયેલ છે જે કામગીરીમાં આ એજન્સી દ્વારા મારા વોર્ડમાં કામગીરી ખુબ જ ખરાબ અને અનિયમીત કરેલ છે અને સફાઈની કામગીરી પણ અનિયમીત કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ એજન્સી દ્વારા વિસ્તારમાં મે લોકો વચ્ચે


**અનુસંધાન પાના ૬ ઉપર**


### પ્રતિમા મુકવાની જગ્યા બાબતે માથાકુટ

## ખાંભાના જીવાપરનાં સરપંચનાં પતિને જાનથી મારી નાખવાની ધમકી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૩

ખાંભા તાલુકાના જીવાપર, પ્લોટ વિસ્તારમાં રહેતા મહેશભાઈ શામજીભાઈ હીરપરા નામના ૪૫ વર્ષિય આધેડનાં પત્ની જીવાપરા ગામના


**અનુસંધાન પાના ૬ ઉપર**


### ગળાફાંસો અને અકસ્માતથી

## અમરેલી જિલ્લામાં એક કિશોરી, એક પરિણીતા એક વૃધ્ધનુ અપમૃત્યુ

**વડલી, ખાલસા અને ચલાલા નજીક બનાવ બન્યા**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં અલગ અલગ ત્રણ બનાવમાં એક કિશોરી, એક પરિણીતા તથા એક વૃધ્ધના અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે


**અનુસંધાન પાના ૬ ઉપર**








## પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડાનો જન આક્રોશ યાત્રામાં ચોંકાવનારો આક્ષેપ

# ભાજપનાં રાજમાં એકપણ સરકારી ઓફિસમાં પૈસા આપ્યા વગર કામ થતું નથી

**મહિસાગર જિલ્લાનાં આદિવાસી સમાજનાં સેંકડો યુવાનો જાતિનાં દાખલાઓ માટે વર્ષોથી ધક્કા ખાઈ રહ્યા છે**

**કોંગ્રેસે જંગલ, જમીન અધિકારનો કાયદો બનાવ્યો ને ભાજપ સરકાર આદિવાસી સમાજને જમીન આપતી નથી**

**લુણાવાડા, સંતરામપુર પાલિકા અને જિલ્લા પંચાયતમાં લાખોનો ભ્રષ્ટાચાર પકડાયો પણ કાર્યવાહી થતી નથી**

**જન આક્રોશ યાત્રાનું સમગ્ર વિસ્તારમાં ઉમળકાભેર સ્વાગત કરવામાં આવી રહ્યું છે**





અમદાવાદ, તા. ૩

જન આક્રોશ યાત્રાના તેરમાં દિવસની શરૂઆત લુણાવાડાથી કરવામાં આવી, ત્યારબાદ યાત્રા લીંબોદરા, લીંબડીયા, બાબલીયા, બાકોર, ખાનપુર, આંકલીયા, તલવાડા, અમથાની, ધાસવાડા, મુનપુર ગામ, કડાણા, દિવડા માર્ગે સંતરામપુર તરફ આગળ વધી. યાત્રા દરમિયાન રસ્તામાં સ્થાનિક નાગરિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે કોંગ્રેસની સરકારે આદિવાસી સમાજને જળ, જમીન, જંગલના અધિકારો આપ્યા પણ જયારથી ભાજપ સત્તામાં આવી છે ત્યારથી આદિવાસી સમાજના આ અધિકારો છીનવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આદિવાસી સમાજના યુવાનોને જાતિના દાખલા આપવામાં નથી આવતા. ભાજપે આદિવાસી યુવાઓની જિંદગી બરબાદ કરી નાખી છે. નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં કરોડોનો ભ્રષ્ટાચાર પકડાયો હોવા છતાં ભાજપા ભ્રષ્ટાચારીઓને બચાવી રહી છે. આજે ભાજપના શાસનમાં સરકારી કચેરીઓમાં રૂપિયો આપ્યા વગર કોઈ કામ નથી થતા છેલ્લા કેટલાય સમયથી મહીસાગરમાં લોકો જિલ્લા દૂધ સંઘ અને જિલ્લા સહકારી બેંકની માંગ કરી રહ્યા છે જે પૂરી થવી જોઈએ.

ગુજરાતમાં ભાજપ આટલા વર્ષોથી સત્તામાં હોવા છતાં હજુ પણ રાજયના નાગરિકોને પીવા માટે ચોખ્ખું પાણી આપી શકી નથી. સંતરામપુરમાં પણ અનેકવાર લોકોના ઘરોમાં દૂષિત પાણીની ફરિયાદો આવી ચૂકી છે. રાજયના પાટનગર એવા ગાંધીનગર જિલ્લામાં દર વર્ષે પ્રદૂષિત પાણીના કારણે ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગ થાય છે અને લોકોના મોત પણ થાય છે. હજુ ગઈકાલે પણ ગાંધીનગરમાં દૂષિત પાણીના કારણે અનેક લોકો બીમાર થયા છે અને સિવિલ હોસ્પિટલમાં લાઈનો લાગી છે. યાત્રા દરમિયાન ગઈકાલે બાલાસિનોરમાં પણ આવી જ સ્થિતિ સામે આવી. આ બધી ઘટનાઓ સ્પષ્ટ કરે છે કે ભાજપ શાસિત સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ છે અને આ સરકારને લોકોના જીવની કોઈ પડી નથી.

વિસ્તારમાં સ્થાનિક યુવાઓને રોજગાર માટે કોઈ વ્યવસ્થાઓ નથી. લોકો પોતાના ગામ છોડવા મજબૂર બની રહ્યા છે અને જુદા જુદા વિસ્તારોમાં જઈને મજૂરી કરવા મજબૂર બન્યા છે. કોંગ્રેસ ગરીબ વર્ગના લોકોને રોજગાર મળે એ માટે મનરેગા યોજના લાવી હતી, પરંતુ ભાજપ સત્તામાં આવતા તેમાં પણ ભ્રષ્ટાચાર કર્યો અને પોતાના ખિસ્સા ભર્યા તથા લોકોના હક્કો છીનવી લીધા. ઉપરાંત બાજુના રાજય રાજસ્થાનની ગાંધીનગરની સત્તામાં બેઠેલા મંત્રીના આદેશથી ખુદ પોલીસ દારૂની ગાડીઓને પ્રોટેકશન આપીને ગુજરાતમાં ઘુસાડે છે બદલામાં કરોડોના હપ્તા સચિવાલય સુધી પહોંચે છે.

સીએલપી નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે જન આક્રોશ યાત્રા દરમિયાન તમામ જગ્યાએ આદિવાસી સમાજના લોકોએ જાતિના પ્રમાણપત્રને લઈને ફરિયાદ કરી છે. રાજય સરકાર આદિવાસી સમાજના લોકોને ધક્કા ખવડાવે છે, યેનકેન પ્રકારે હેરાન કરે છે અને એમના હક્કો છીનવવાનો પ્રયાસ કરે છે. આ મુદ્દાને લઈને આગામી સમયમાં વિધાનસભામાં પણ રજૂઆત કરવામાં આવશે તેમજ આદિવાસી સમાજ સાથે મળીને રોડ રસ્તાઓ પર પણ આક્રમક લડત લડવામાં આવશે.

આ પ્રસંગે સીએલપી નેતા ડો. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી રામકિશન ઓઝા, સેવાદળ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ, મહીસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યો, વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો જોડાયા.

---

### સરકારી વકીલ જે.બી. રાજગોરની દલીલો સફળ

## લાઠીના કાચરડી ગામે પત્નીને મરી જવા મજબુર કરનાર પતિને 3 વર્ષની સજા

**આરોપીને કુલ ૫ હજારનો દંડ પણ કરવામાં આવ્યો**



અમરેલી, તા.૩

લાઠી તાલુકાના કાચરડી ગામે રહેતા આરોપી સુભાષ કલ્યાણસિંહ મુનીયા મરણજનાર કાજલબેનના પતિ થતાં હોય આરોપીએ લગ્ન જીવન દરમ્યાન કાજલબેન ઉપર ચારીત્ર અંગે ખોટી શંકાનો કરી તથા ઘરકામ ઉપરાંત મજુરી કામ કરવાનું ખોટુ દબાણ કરી તથા ઢીકાપાટુથી માર મારી મારકુટ કરી કાજલબેન શારીરિક તથ માનસિક દુઃખત્રાસ આપી, તેણીને આપઘાતનું દુત્પ્રેરણ કરી મરી જવા મજુબર કરતા કાજલબેન ગત તા. ૨૮/૯/૨૪ ના રોજ બપોરના આશરે અગીયારેક વાગ્યે ઝેરી દવા પી જતા તેણીનું મોત નિપજેલ હતું. આ બનાવ અંગે જે તે સમયે કાજલબેનના પિતાએ આરોપી સુભાષ કલ્યાણસિંહ મુનીયા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેનો કેસ અમરેલીના સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકરી વકીલ જે.બી. રાજગોરની ધારદાર દલીલ અને પુરાવના આધારે કોર્ટ આરોપી સુભાષ કલ્યાણસિંહ મુનીયા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૩ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૩,૦૦૦ નો દંડ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૧ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૦૦૦ નો દંડ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨) મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૧ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૦૦૦ નો દંડની સજા ફરમાવવામાં આવેલ છે.

---

## ૪ જાન્યુઆરી, ‘‘વિ બ્રેઇલ દિવસ’’

## અંધજનોની આંખોને ‘બ્રેઇલ થકી મળી પાંખો

અમરેલી, તા. ૩

લૂઈસ બ્રેઈલ નામના વ્યકિત દ્વારા શોધાયેલ ‘બ્રેઈલ’ એક લિપિ છે જેનો ઉપયોગ કરીને અંધ અને ઓછી દ્રષ્ટિ ધરાવતા લોકો વાંચી અને લખી શકે છે અને પછી તેને કોઈ પણ ભાષામાં બોલી શકે છે. બ્રેઈલ લિપીમાં એક કાગળ ઉપર ઉપસાવેલા ડોટ છે. જેને અંધલોકો પોતાની આંગળીના સ્પર્શ દ્વારા વાંચે છે. બિલ્ડિંગની લિફ્ટ અને બેંકોના મશીનની સ્વીચમાં પણ બ્રેઈલ લિપીનો ઉપયોગ થાય છે.

બ્રેઈલના શોધક લૂઈસ બ્રેઈલનો જન્મ ૪ જાન્યુઆરીનાં રોજ ફ્રાન્સમાં થયો હતો. તે ફ્રાન્સનાં શિક્ષણશાસ્ત્રી અને સંશોધક હતા. નાનપણમાં જ અકસ્માતનાં કારણે આંખો ગુમાવવાથી તેમને અંધજનોની તકલીફો સમજાઈ અને એ દિશામાં કશુંક કરવાનો નિશ્ચય કર્યો. ૧૮૨૯ માં જયારે તે ફક ૨૦ વર્ષનાં હતા એ સમયે તેમણે પ્રથમ ‘બ્રેઈલ’ બુક પ્રકાશિત કરી હતી. એ પછી પણ તેમનો મોટા ભાગનો સમય બ્રેઈલને સુધારીને વધુમાં વધુ સરળ બનાવવા માટે જ ગયો હતો. તેમનાં મૃત્યુ પછી પણ આ લિપિ હજુ લોકોએ સ્વીકારી ન હતી, પરંતુ ભાવી પેઢીઓને સમય જતા સમજાય ગયું હતું કે તેમની ખોજ કેટલી ક્રાંતિકારી હતી.

સામાન્ય વ્યકિત પોતાની આંખોથી દુનિયા જોઈ શકે છે જયારે અંધજનો માટે એ શક્ય નથી બનતું. તેમને આસપાસનાં વાતાવરણનો ખ્યાલ આવે તે માટે તેમની પાસે ‘વ્હાઈટ કેન’ હોય છે પરંતુ જયારે શિક્ષણની વાત આવે, અક્ષરો પારખીને લખવા વાંચવા કે સાક્ષર થવાની વાત આવે ત્યારે શું ? અંધજનોને ભણવાનો અધિકાર જ નથી એવું તો નથી, પરંતુ તેમને શિક્ષણ આપવા કરવું પણ શું ? એવું શું કરવું કે તે લખી કે વાંચી શકે તો તે માટે લૂઈસ બ્રેઈલે બ્રેઈલ લિપીનું સંશોધન કર્યું. જેનાં દ્વારા અંધજનો પણ એમની આંગળીનાં ટેરવે રહેલી તેમની આંખોથી શિક્ષણ મેળવીને વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે.

**– મિત્તલ ખેતાણી**

**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

---

### શેત્રુંજી નદીનાં પટ્ટમાંથી

## ધારીનાં પ્રેમપરા નજીક ૪૩ વર્ષિય આધેડનો આધેડનો મૃતદેહ મળી આવ્યો

**મૃતકનું નામ જયંતીભાઈ સોલંકી હોવાનું બહાર આવ્યુ**



અમરેલી, તા. ૩

ધારીનજીકઆવેલપ્રેમપરા વિસ્તારમાં રહેતા જયંતીભાઈ મોહનભાઈ સોલંકી નામના ૪૩ વર્ષિય આધેડની આજે સાંજે ધારીનાં પ્રેમપરાનાં ખોડિયાર ડેમ નજીક આવેલ શેત્રુંજી નદીમાં લાશ મળી આવતાં સ્થાનિક પોલીસ ધ્વારા ઘટનાસ્થળે પહોંચી મૃતક પાસેથી મળી આવેલ મોબાઈલ ફોનનાં અને પાકીટને આધારે તેમના સગા–સંબંધીની ઓળખ મેળવી હતી.

આ બનાવમાં પોલીસ તપાસ દરમિયાન જાણવા મળેલ છે કે આ મૃતક ત્રણ દિવસ પહેલા પોતાનાં ઘરેથી ગુમ થયેલ હતા અને આ મૃતકનો પરિવાર શોધખોળ કરતો હોય. ત્યારે આધેડનો મૃતદેહ મળી આવતા પરિવાર હતભ્રત થઈ જવા પામેલ હતો.

---

### જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે કાર્યવાહી

## બગસરાનાં વધુ એક ભયજનક વ્યકિતની ‘‘પાસા’’ હેઠળ અટકાયત

**અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવાયા**



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર–સબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકોને દાદાગીરી, ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આતંક મચાવતાં માથાભારે ઈસમો સામે પાસા–તડીપાર જેવા સખ્ત પગલા લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે બગસરા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ. આઈ.જે. ગીડાએ શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા ભયજનક ઈસમ કપીલભાઈ મજબુતભાઈ જેબલીયા (રહે. સોની બજાર, અપ્સરા શેરી) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફત અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્રાજએ આ ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરા તથા બગસરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આઈ.જે. ગીડા તથા એલ.સી.બી. તથા બગસરા ટીમ દ્વારા કપીલભાઈ મજબુતભાઈ જેબલીયાને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ, અમદાવાદ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

---

## લાખાપાદરમાંથી ઈલેકટ્રીક વાયરની ચોરી : ફરિયાદ

અમરેલી, તા. ૩

વડિયાતાલુકાનાલાખાપાદર ગામેગતતા.૧નાંરાત્રીનાંબેવાગ્યેનેસોળ મિનિટનાં સમયગાળા દરમિયાન લાખાપાદર ગ્રામ પંચાયતની પાણીની ઈલેકટ્રીક મોટરનો આશરે ૧૦૦૦ ફૂટ ઈલેકટ્રીક કેબલ વાયર કિંમત રૂપિયા ૪૦,૦૦૦નાં ઈલેકટ્રીક કેબલ વાયરની અજાણ્યા ત્રણ ઈસમો ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ અનિલભાઈ કડવાભાઈ ગજેરાએ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

## સા.કુંડલાઃ આંબરડીમાં ઠંડીમાં ભજીયાની લુપ્ત માણતા યુવાનો



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૩

શિયાળાની ઋતુને આમ તો તંદુરસ્તીની સીઝન માનવામાં આવે છે. શિયાળાની મોસમ શરૂ થઈ ગયા ના બે સપ્તાહ થઈ ગયા હોવા છતાં જોઈએ તેટલી ઠંડી પડી રહી નથી જેના કારણે ખેત પાક અને આરોગ્ય બંને ઉપર કુદરતી અસર પડતી હોય છે. છેલ્લા બે ત્રણ દિવસથી અમરેલી જિલ્લા પંથકમાં ખાસ કરીને સાવરકુંડલાના ગ્રામ્ય પંથકોમાં ઠંડી હવે ધીમે ધીમે જોર પકડતી જાય છે ત્યારે લોકો ઠંડીનો આનંદ ઉઠાવવા તો કેટલાક ઠંડીથી બચવા માટે અલગ અલગ પ્રકારના અખતરા કરતા હોય છે. ત્યારે સાવરકુંડલા પંથકના વિસ્તારોના જુવાનિયાઓ અન્ય ગેર પાર્ટીઓથી દૂર રહી વાડીમાં ભજીયા પાર્ટીનો લુપ્ત ઉઠાવી સાથે ઠંડીનો આનંદ માણી રહ્યા છે એવામાં ભજીયા જો કોઈ પ્રોફેશનલ રસોઈયાના હાથે બનતા હોય તો આનંદ કંઈક અલગ જ હોય છે જાબાળ ગામના જાણીતા રસોયા ( કેટરર્સ ) દરબાર રણજીતભાઈએ અલગ અલગ પ્રકારના ભજીયા બનાવીને મિત્રોને આતિથ્ય સભર ભજીયા પાર્ટીનો સ્વાદ ચખાડયો હતો અને મિત્રોએ પણ પેટ ભરી ઠંડીના દિવસોમાં ભજીયાની લુપ્ત ઉઠાવી રહ્યા છે.

---

### પેટના દુઃખાવાથી કંટાળી ઝેરી દવા પી લેતા

## સાવરકુંડલાનાં મોટા ઝીંઝુડા ગામ નજીક આધેડનો મૃતદેહ મળી આવતા તપાસ શરૂ

**લામધાર ડુંગર ઉપર જઈ ઝેર ગટગટાવી લીધુ**



અમરેલી, તા. ૩

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામ નજીક આવેલ ફોરેસ્ટ વિસ્તારમાં આજે સવારે એક અજાણ્યા ઈસમનો કોહવાયેલ હાતલમાં મૃતદેહ મળી આવતા સાવરકુંડલા રૂલર પોલીસ અને વન વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ મૃતકની ઓળખ મેળવવા આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ સાવરકુંડલા ગામે જેસર રોડ ઉપર રહેતાં બાબુભાઈ મોહનભાઈ બુહા નામના ૫૦ વર્ષીય આધેડને છેલ્લા બે વર્ષથી પથરીના કારણે પેટનો દુઃખાવો રહેતો હોય દવા કરાવવાં છતાં પણ રાહત થતી ન હોય જેનાથી કંટાળી જઈ બે ત્રણ દિવસ પહેલાં પોતાના ઘરેથી નીકળી ગયેલ હતા.

તેઓએ સાવરકુંડલા તાલુકાનું ઝીંઝુડા ગામ નજીક પલાણીયા બીડ વિસ્તારમાં લામધાર ડુંગર ઉપર જઈ ઝેરી દવા પીધાનું પોલીસ તપાસમાં જાહેર થવા પામેલ છે.

## બડી દેર ભઈ નંદ લાલા.. તેરી રાહ તકે.. વૃજ બાલા.. ઓ બડી દેર ભઈ તુમ હી મેરે મંદિર... તુમ હી મેરી પુજા.. તુમ હી દેવતા હો.. તુમ હી દેવતા નીલ ગગન પર ઉડતે બાદલ.. આ.. આ... આ.. ધૂપ મે જલતા ખેત હમારા

**ફિલ્મી સફર (એક ઈતિહાસ)**
**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

**પ્રકરણ ..૨૬૬ -૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

ઈસવીસન ૨૦૨૬ની તમામ વાચક મિત્રોને હાર્દિક શુભકામનાઓ. નવું વર્ષ જૂની આશાઓને પૂર્ણ કરે તે જ શુભ કામનાઓ. ફિલ્મી સફરમાં આજે વર્ષની સાતવા નંબરની સુપર હિટ ફિલ્મની વાત કરીશું. એક નાની હોટેલમાં બે ભાઈઓ એક જ ડિશ જેમાં પરોઠા અને શાક હતું, તે લઈ બેઠા હતા, નાનોભાઈ આશરે ૧૩ વર્ષનો અને મોટોભાઈ ૧૮ વર્ષનો હશે. નાનો ભાઈ તે ડિશમાંથી ધીમે ધીમે જમી રહ્યો હતો. મોટોભાઈ તેના નાનાભાઈને જમતો જોઈ ખુશ થતો હતો . એક વ્યકિ આ જોતાં હતા , તેણે મોટા ભાઈ ને કહ્યું કે, તમને ભૂખ નથી લાગી ? તો મોટોભાઈ બોલ્યો કે, મારો નાનોભાઈ જમે છે, તે જોઈ મારી ભૂખ પણ સંતોષ પામે છે, હું તો મોટો છું, ભૂખ સહન કરી લઈશ, પણ મારો નાનો ભાઈ તે સહનના કરી શકે. એટ્લે તેનું પેટ ભરાઈ જાય પછી જો વધશે તો હું જમીશ. આટલું તે બોલ્યો ત્યાં જ નાનાભાઈએ એક કોળિયો ભાઈ તરફ લઈ બોલ્યો કે ભાઈ તું નહીં જમે તો હું પણ નહીં જમુ. બન્ને ભાઈઓનો પ્રેમ જોઈ પેલી વ્યકિતના આંખોમાંથી હર્ષના આંસુ આવી ગયા. કેહવાનું એ છે કે ભાઈઓનો પ્રેમએ અવિરત વેહતી ધારા હોય છે. પણ અમુક સંજોગોમાં લગ્ન થયા બાદ તે ધારાના વહેણ અલગ અલગ થઈ જાય છે, કેમ ? હું કોઈ સ્ત્રીને દોષ આપતો નથી. પણ સ્ત્રીના બે પ્રકારના સ્વભાવ હોય છે. એક સ્ત્રી લગ્ન કરી આવે ત્યારે, દૂધમાં સાકર ભળે તેમ ભળી જાય છે, અને




પરિવારને મીઠાશ આપે છે, તો કોઈ સ્ત્રીએ અદેખાઈ અને ઈર્ષાળુ હોય છે, જે તેના કર્કશ સ્વભાવથી ઘરમાં અલગતા લાવે છે. આવી પારિવારિક કહાની લઈ આજની ફિલ્મ આવી છે. ૧૯૬૫ પેહલા પણ પરિવારની એકતા પર ફિલ્મો બની છે, પણ અહી સયુકત કુટુંબને તૂટતાં દર્શાવાયું છે. આજે સયુકત પરિવારો ખૂબ જ ઓછા જોવા મળે છે, તે બાબતને સામાજિક નહીં પણ બોધિકતાથી જોઈએ તો આજે નોકરી અને વેપાર ધંધા માટે અલગ અલગ થવું એ અલગતા નથી .પણ પરિવારમાં મતભેદ થઈ ભાગલા વાદી નીતિ કરી અલગ થવું તે અલગતા જ છે. આજે આ પ્રમાણ દિવસે ને દિવસે વધતું જાય છે. મોંઘવારીના સમયમાં સયુકત પરિવાર જ પ્રગતિ આપશે તેમાં કોઈ શંકા નથી, પણ આજે આ વાત નવી પેઢીને સમજાતી નથી. આવી કહાનીની ફિલ્મ છે.

ખાન દાન – એ ભીમ સેનના નિર્દેશન અને, વાસુ મેનનના નિર્માણમાં, વી બાબા સાહેબની સિનેમા ઓટો ગ્રાફી, એ પાલની એડિટિંગ, રાજેન્દ્ર કૃષ્ણના લખેલ મધુર કાવ્ય અને રવિનું સદા બહાર સંગીત સાથે, રફી સાહેબ, લતાજી, આશાજી અને ઉષાજીના સ્વરના ગાયેલ ગીતો સાથે સુનિલ દત, નૂતન, સુદેશ કુમાર, મુમતાઝ, મોહન ચોટી, હેલેન, લલિતા પવાર, સુલોચના, મનમોહન કૃષ્ણા, ઓમ પ્રકાશ અને પ્રાણથી અભિનીત આ ફિલ્મ સુપર હિટ રહી હતી. કહાની ટૂંકમાં જોઈએ તો, બે ભાઈઓ ઓમ અને મનમોહન સુખી જીવન સયુકત પરિવારમાં જીવે છે, ઓમ અને લલિતાને કોઈ સંતાન નથી, તો મનમોહનનો મોટો પુત્ર સુનિલ બચપણમાં ઈલેક્ટ્રીક થાંભલા પરની પતંગ લેવા જતાં એક હાથ અને એક પગ ખોટો કરી બેસે છે. નાનો પુત્ર સુદેશ શહેરમાં અભ્યાસ કરે છે, પરિવારમાં એકતા અને ખુશી છે, એક માત્ર લલિતાનો સ્વભાવ આગના ગોળા જેવો છે, જે પરિવારની સાથે રેહતી હોવા છ્તા વૈચારિક મતભેદ લાવતી રહે છે, અને તેના સ્વભાવના લીધે ઘરમાં લોકો દુખી થતાં હોય છે. મનમોહનની પત્ની સુલોચના તેના ગામની અનાથ યુવતી નૂતનને ઘરમાં આશરો આપે છે. તો લલિતા તેના ભાઈના પુત્ર પ્રાણ અને પુત્રી મુમતાઝને ગામડે બોલાવે છે. લલિતાને તેના ભાઈના પુત્ર અને પુત્રી તેના સંતાનો જેવા લાગે છે, જયારે પ્રાણની નજર તે ઘરના ધન પર છે, તેના માટે ઘરની એકતા તોડવી જરૂરી છે, તેમાં તે ત્યારે સફળ થાય છે, જયારે સુદેશ ગામડે આવે છે, અને મુમતાઝ તરફ આકર્ષિત થાય છે, આ વાતનો પ્રાણ ફાયદો લે છે, અને મુમતાઝ અને સુદેશના લગ્ન બાબત જાણ પરિવારમાં કરે છે, પરિવારના મોભી ઓમ, કહે છે કે જયાં સુધી સુનિલના લગ્ન ના થાય ત્યાં સુધી સુદેશના લગ્ન ના થઈ શકે, અને આ વાત પર પ્રાણ સુદેશને ઉશકેરી બન્ને ભાઈઓ ઓમ અને મનમોહન અને સુનિલ અને સુદેશની મિલકતના ભાગલા પાડી દે છે. અને આ કામમાં લલિતા તેણે સહકાર આપે છે, સુદેશના લગ્ન મુમતાઝ સાથે થાય છે, પણ સુદેશ માતા – પિતા અને ભાઈ સાથેનો સંબંધ પ્રાણના કેહવા થી તોડી નાખે છે. સુનિલને મનોમન ચાહતી નૂતનને સુનિલના માતા પિતા પુત્ર વધુ રૂપે સ્વીકારે છે. સમય જતાં સુનિલ અને નૂતન એક તંદુરસ્ત બાળકના માતા પિતા બને છે, તો મુમતાઝ પણ માતા બને છે.

પ્રાણ લલિતાને સમજાવી તેના ઘર અને ખેતર ગીરવે મુકાવી દે છે, અને તે રકમ લઈ શહેરમાં સર્કશ શરૂ કરે છે, પણ સર્કશમાં આવેલ યુવતીઓ તેની રકમ લૂટી જતી રહે છે, પ્રાણ સુદેશ પાસેથી તેની ઓફિસના રૂપિયા લઈ આવી એક હાથી ખરીદે છે, તે હાથીની સૂંઢમાં બાળક ને મૂકી ખેલ કરવા તે સુનિલના બાળકનું અપહરણ કરે છે, પણ સુનિલ તેનો મુકાબલો કરે છે, તેમાં ફરી ઈલેક્ટ્રીક શોક સુનિલને લાગે છે અને તે સારો થઈ જાય છે, સુદેશ અને લલિતા ને



પ્રાણ પ્રત્યે નફરત થાય છે, અને પરિવારના લોકોની બન્ને માફી માંગે છે, અને ફરી તે પરિવાર સયુકત પરિવારમાં ફેરવાઈ જાય છે.

આવી પારિવારિક કહાનીની આ ફિલ્મ આગામી સમયની હિન્દી સિનેમાની પારિવારિક ફિલ્મોની પ્રેરણા મય ફિલ્મ બની. આ ફિલ્મમાં શરૂઆતમાં જ એક બાળક પતંગ લેવા ઈલેક્ટ્રીકના થાંભલા પર ચડે છે, અને ઘાયલ થવાની સાથે અપંગ થઈ જાય છે, આગામી દિવસોમાં મકર સંક્રાંતિ પર્વ નજીક છે, ત્યારે આજે પણ આવા બનાવ બનતા હોય છે. આ ઉપરાંત ફિલ્મમાં સુનિલ દત તેના લગ્નનું નિમંત્રણ દેવા તેના ભાઈને મળે છે, અને બદલામાં અપમાન મળે છે, ત્યારે તે કહે છે કે, આજના સમયમાં જે વ્યકિત તેના માતા પિતાની સેવા કરે, અને ભાઈ – બહેન સાથે સાઢં વર્તન કરે તે જુનવાણી વિચાર ધારા ધરાવતો લાગે છે, અને જે વ્યકિત તેના માતા – પિતાનો લગ્ન બાદ ત્યાગ કરે, અને ભૌતિક સુખ પાછળ દોટ મૂકે તે આધુનિક વિચારધારા ધરાવતો લાગે છે, આ વાત આજે પણ યથાર્થ સાબિત થઈ રહી છે. સારા પુસ્તકો કે ધાર્મિક ગ્રંથોથી જે લોકોની વિચારધારા નબળી અને માનસિકતા વિકૃત છે તેઓ તેમાંથી પણ ખરાબ વિચારો મેળવશે, જેમ કે અહી ખલ નાયક પ્રાણ રામાયણના ભાઈઓના પ્રેમના બદલે, સુગ્રીવ અને વિભિક્ષણનો દાખલો આપે છે, કે તેઓ એ તેના મોટાભાઈ સાથે વિશ્વાસઘાત કરેલ છે. ફિલ્મમાં દરેક કલાકારનો અભિનય હદય સ્પર્શી છે, આ ફિલ્મને ચાર ફિલ્મ ફેર એવાર્ડ મળ્યા હતા. બેસ્ટ અભિનેતાનો એવાર્ડ સુનિલ દતને મળ્યો હતો, અહી સુનિલે એક અપંગ યુવાનનું પાત્ર ખૂબ સરસ રીતે નિભાવ્યું છે, સુનિલના હાથ રાખવાની સ્ટાઈલ અને એક પગે લંગડતાં ચાલવાની કળાને લીધે તેઓ આ એવાર્ડના સાચા હકદાર હતા. તો, બેસ્ટ સંગીત કાર રવિ, તો બેસ્ટ ફિમેલ ગાયક લતાજી .. તુમ હી મેરે મંદિર માટે મેળવ્યો હતો. અને તે જ ગીત માટે રાજેન્દ્ર કૃષ્ણાને બેસ્ટ લિરિક્સ માટે એવાર્ડ પ્રાપ્ત થયો હતો. સુનિલ દતની ૧૯૬૫માં બે ફિલ્મો સુપર હિટ રહી હતી, જેમાં એક ફિલ્મ એ વર્ષની પ્રથમ નંબરની ફિલ્મ છે, મુમતાઝ અહી પણ દર્શકો અને વિવેચકોનું ધ્યાન ખેચવામાં સફળ રહ્યા છે. આ ફિલ્મનું બજેટ ૭૦ લાખ અને નફો ૧.૪૦ કરોડનો થયો હતો અને વર્ષની સાતવા નંબરની સફળ ફિલ્મ રહી હતી.

ફિલ્મની સફળતામાં કથા, નિર્દેશન અને કલાકારોના અભિનયની સાથે ફિલ્મનું સંગીત અને લતાજી અને રફી સાહેબના સ્વરના ગીતોનો મુખ્ય ફાળો રહ્યો હતો. લતાજીના સ્વરમાં રાજેન્દ્ર કૃષ્ણાના લખેલ ગીત, તુમ હી મેરે મંદિર, તુમ હી મેરી પુજા ..તુમ હી દેવતા હો ... આજે પણ કર્ણ પ્રિય લાગે છે. તો રફી સાહેબનું ભગવાન શ્રી કૃષ્ણ પરનું ભકિત ગીત આજે પણ જન્માષ્ટમીના તહેવારોમાં ઘરે ઘરે ગુંજતું જોવા મળે છે, બડી દેર ભઈ.નંદ લાલા, તેરી રાહ તકે વૃજ બાલા..અને લતાજી અને રફી સાહેબનું યુગલ ગીત ..નીલ ગગન પર ઉડતે બાદલ પણ યાદગાર ગીતો પૈકીનું એક છે, રફી સાહેબના સ્વરમાં, મે સુનાતા હું તુજે એક કહાની સુન લે ..અને કલ ચમન થા, આજ એક .. સહેરા હુવા ..ગીત પણ યાદગાર છે. આગામી અંકમાં દેવ આનંદની ઓલ ટાઈમ સુપર હિટ ફિલ્મ સાથે મળીશું. આભાર .હિતેશ જોશી. ૪-૦૧-૨૦૨૬

## “સદ્‌ભાવની સુગંધને તાળું લગ્યું છે, ભીતરે નક્કી લાગણીના સંબંધોમાં ભૂલ હોવી જોઈએ”

સમયની કરવત આયુષ્યની દોરીને કાપતી સરતી જાય છે. સાર્થક જીવનનાં રહસ્યની વાત અરીસાના પ્રતિબિંબ જેવી સ્પષ્ટ થતી જાય છે. સમગ્ર વિશ્વ યુધ્ધનાં ઉન્માદમાં સળગી રહયું છે કહી દિપ જલે કહીં દિલ ! અંધારૂ એટલું બધું. વળગ્યું છે કે શત શત દિવાઓથી પણ વળગણ છૂટતું કેમ નથી. ? નક્કી સમજણને તાળ ું લાગ્યું છે. સાચી ચાવી શોધવાનો પ્રયત્ન નિષ્ફળ જશે કે શું? શબ્દોની વણઝાર આવી છે. કબીર કહે છે :

“ખાખ મેં ખપી જાના બંદા, માટી મેં મિલ જાના.
તમે મત કરો અભિમાના સ્નેક દિન પ્રવન સે ઉડીજાના.”

પાની લે લે સાબુ લે લે, મલ મલ કાયા ધોઈ, અન્તર ઘર કા દાગ ન છુટે, નિરમલ કૈસે હોઈ ? વ્રત એક ટાણા કરો એકાદશીના ઉપવાસ કરો પરંતુ સદ્‌ભાવ ન વધે, ગુચસો, ન ઘટે તો એ આપણું મિથ્યા છે ! હે પરમાત્મા હું ચલમાંક આપને પ્રાર્થના કરૂ છું. ચિતમાંથી સ્વાર્થ, મોહ નિર્મુળ થાય પરસ્પર પ્રેમ વધે જીવનમાં સત્ય પ્રેમ કરૂણાનાં મૈત્રીનો ભાવ સંબંધોને મજબુત બનાવે. આપણી આસપાસમાં વ્યવહાર કુશળ જ્ઞાની માણસો ઘણા છે. પરંતુ સમજણ અને વિશાળી દૃષ્ટિબિંદુની જરૂર છે. માણસ છતાં તે એકલો અલગ રીતે જીવે છે. જુદાં સ્વભાવ છે. જુદા મિજાજ છે. અને આથી આ સંઘર્ષ ઘર્ષણ થયા કરે છે. તુલસીદાસે લખ્યું છે. તુલસી યહ સંસાર મેં ભાતભાત કે લોગ સબસે હિલમિલ ચાલીએ, નદી નાવ સંજોગ નાવને પાણીમાં રહેવાનું અપણે સમાજ વચ્ચે રહેવાનું છે. મોટા ભાગના સંઘર્ષથી બચવા વિશાળ મન, બાંધછોડ વાળ ુ મન રાખવું જોઈએ સુખશાંતિથી જીવવા માટે સૌનાં સાથની જરૂર છે. આપણે એકલાનું જ્ઞાન કામ આવતું નથી. મહત્વની વાત છે કે આપણા સંબંધોમાં જેમ વર્તુળ મોટું થાય તેમાં સૌનો વિશ્વાસ જીતવો, અને પ્રેમ કરવો સૌને જેવા છે તેવા સ્વીકારી લેવા કોઈને પગની ખોડ હોય, કોઈને અન્ય તેમ કેટલાકના સ્વભાવની ખોડ છે તેમ માની પ્રેમથી સ્વીકારી લેવા જોઈએ. અત્યંત અઘરી બાબત હોવા છતાં સ્વીકારી લેવાથી ઘણા મોટા પ્રશ્નો નિવારી શકાય છે. જીવનમાં અવારનવાર અનેક ઘટનાઓ બને છે. પરંતુ પ્રેમ અને સદ્‌ભાવથી ઉકેલ લાવવાથી સાચો રસ્તો મળશે.

### સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


મોટા ભાગે આપણે બીજા માટે પોરી ધારણાઓ ખોટા ખ્યાલ રાખતા હોવાથી દુઃખ ઉત્પન્ન થાય છે. આપણા મનનાં વિચારોથી વાતને મોટી બનાવીને કૌટુંબીક સંબંધો, કેટલીક મૈત્રી સ્નેહ સંબંધ તોડતા હોય છે. અનેક વ્યવહારોમાં સાંભળેલી વાતો, આરોપો કલ્પના અને ધારણાથી સંબંધોમાં વિષે રેડીને મૂંઝાઈએ છીએ કશુંક અસાધારણ બને તો કલ્પના કે ધારી લેવા કરતા ખુલ્લા દિલથી વાતો કરી લેવી જોઈએ કોઈ મિત્ર, પતિ-પત્ની વગેરે સંબંધોમાં તો ખાસ પૂછીને સંબંધો સુધારી લેવા જોઈએ અબ્રાહમ લિંકન આ માટે ઉત્તમ ઉદાહરણ છે. વકીલ હોવા છતાં ફી જતી કરીને બન્ને પક્ષોને સમજાવીને સમાધાન કરાવતા. દરેકમાં શાહુડી જેવાં કાંટા વાગે. કાંટા વગરની કોઈ શાહુડી જોઈ છે? પરંતુ તમે ધીરે ધીરે પ્રેમથી અડશો તો તેમના કાંટા નમી જશે અને વાગશે નહિ. કાંટાની ખામી સ્વીકારીને પંખાળશો તો તે નુકસાન વગર ઉપયોગી થશે તમે કોઈને મિત્ર, પતિ, પત્ની સંબંધીઓને આપણી જેવા બનાવવાનો પ્રયત્ન કરવો નહિ. સાડા સાત અબજની વસતિમાં જેમ અંગૂઠાની રેખા મળતી નથી તેમ એક માણસ બીજા માણસ અંગૂઠાની જેવો છે જ નહિ. સ્વાભાવ, રસ, રૂચિ, રૂપ-રંગથી અનેક રીતે ભિન્ન ભિન્ન છે. તો પછી જીંદગી સરળ બનાવવા એકબીજાને અનુકૂળ થવામાં જ ફાયદો છે. લીમડો કડવો છે તો એના પણ ગૂણ છે. કડવાશ સ્વીકારવાથી અ અનેકે રોગનું ઔષધ બને. એક વ્યકિત ત્રિત્ર તરીકે સારી હોય તો અન્ય રીતે ન પણ હોય, દલપતરામની કવિતા ૮૦ વરસ પહેલા ગુજરાતી ચોપડીમાં ભણાવાતી હતી. આજે તેનો અર્થ સમજાય છે. “ઊંટ કહે આ સભામાં વાંકા અંગ વાળા, ભૂંડા, ભૂતળમાં પશુઓ અને પક્ષીઓ કોઈની ચાંચ વાંકી. કોઈની ડોક વાંકી કોઈને કોઈનું એક વસ્તુ વાંકી છે. શિયાળનો જવાબ પણ કેવો સચોટ છે. અન્યનું તો એક વાંકુ આપના તો અઢાર છે. આપણે પણ જેની સાથે જીવવાનું છે તેના કોઈપણ દોષ કોઈ પણ ખામી સ્વીકારીને જીવન જીવતા શીખવાનું છે. પ્રેમ અને સમજદારીથી સુધારો થઈ શકે છે. જિંદગી ટૂંકી છે. ઝઘડો, કજીયો કરવાથી જિંદગી વધુ ટૂંકી થશે શિયાળ ામાં ઠંડી પડે, ગરમ કપડા પહેરો. ચોમસામાં વરસાદ પડે છત્રી લઈ લો ઉનાળા માટે તૈયાર રહો. આપણાથી કશું બદલી શકાતુ નથી. આપણે બદલવું જોઈએ સંઘર્ષને બદલે સમાધાન, નફરત સામે પ્રેમ ઘડીયાળ સામે જુઓ. આ ટૂંકુ જીવન વલોપત, કજીયામાં પૂરૂં કરવા કરતા સુખ શાંતિ મળેએટલુંજીવવાથી સાર્થક જીવનનો સંતોષ મળશે. (અપૂર્ણ)

## ‘સમજણ એ જ નારાયણ’

### “ફૂલો ઉપર ફૂલો ખડકી બાંધ્યું છે એક ગામ, વસતિમાં તો એક જ જણ કે સુગંધ જેનું નામ” હર્ષદ ચંદારાણા

સમર્થ કવિ રમેશ પારેખની આ કર્મભૂમિ જન્મભૂમિ એવાં અમરેલી શહેરમાં સ્થાયી થયાને આજે ૩૨ વર્ષ જેવો સમય થયો છે, આટલા સહેવાસ પછી અને અનુભવનાં આધારે કહું તો ભલે અમરેલી જિલ્લો કે ગામ ઔદ્યોગિક દષ્ટિએ સગવડતાઓની બાબતમાં, કે વિકાસની બાબતમાં અન્ય સમૃધ્ધ જિલ્લાઓની સમરખામણીએ કદાચ પાછળ ગણાતું હોય ! પણ આ જિલ્લાની આ માટીની જે તાંસીર છે, તે ખૂબ જ અનેરી મનમોહક રમ્ય, દિવ્ય, ભવ્ય અને રઘી વાળી છે ! અહીંયાનાં વાતાવરણમાં એક શાંતિનો, સંતોષનો, સમતાનો, ધૈર્યતાનો, ઠહેરાવનો એક વિશેષ ઊંડાણનો સંયોગ કાયમ અનુભવાયો છે. ભલે આ જિલ્લો કે શહેર આધુનિકતાની બાબતમાં ઝગમગાટની બાબતમાં કે ‘વેસ્ટન કલ્ચરની’ બાબતમાં પાછળ ગણાતું હોય, પણ આ ભૂમિ ઉપર જે ધર્મ, અધ્યાત્મ, સાહિત્ય, સંસ્કૃતિ, કલાનો જે વિશેષ પ્રભાવ રહ્યો છે તે અજોડ છે એવરેજ મધ્યમવર્ગની પ્રજા ધરાવતો આ વિસ્તાર પોતાની ભીતર અનેક મૂલ્યોસભયર વારસો




**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૫૪ - અમરેલી


અને વાતાવરણ સાંચવીને બેઠો છે. અને એટલે જ દેશ-વિદેશનાં સુપ્રસિધ્ધ વ્યકિત-વિશેષોને પણ અહીંયા આવવુ કાયમ ગમ્યુ છે. ગમે છે!

અમરેલી શહેરન અને તેની આસાપાસનાં જ સુપ્રસિધ્ધ થોડાં ધામોની વાત કરૂ તો નાગનાથ મહાદેવ મંદિર મહાત્મા મુળદાસજીની જગ્યા ભૂરખીયા મંદિર, અંટાળેશ્વર મહાદેવ, કાલાપી તીર્થ, પુ. દાન મહારાજની જગ્યા ગાયત્રી શકિત પીઠ, ધારી ગળધરા ખોડીયાર મંદિર, જીવનમુકતેશ્વર મહાદેવથી લઈને દેવભૂમિ દેવળીયા જેવા અનેક ધાર્મિક સ્થળોથી આ ભુમિ શોભી રહી છે. મહેકી રહી છે.

અમરેલી અને જિલ્લાનાં વ્યકિત વિશેષોની યાદી ઘણી લાંબી છે, કવિ કાન્ત, કલાપી, હંસ, ૨×૫ મેઘાણી દુલભાયા કાગ જેવા સમર્થ રત્નો આપનારી આ પાવન ભૂમિ ઉપર સમયાંતરે અનેક મહાનુભાવોનો પાર્દુભાવ થતો જ રહ્યો છે, વર્તમાન સમયનાં પ્રવાહમાં તમે પૂ. વસંતદાદા પરીખ, સ્વ. હર્ષદભાઈ ચંદારાણા, કિશોરભાઈ મહેતા સાહેબથી લઈને અનેક-અનેક વ્યકિત વિશેષોને યાદ કરો ત્યાં ધન્યતા અનુભવાય એવું માતબર ખેડાણ થયું છે, એ જ વારસાને આગળ વધારતાં અનેક કવિ, સર્જકો, લેખકો, કલાવૃંદનાં મિત્રો સાથે ઘણું નજીકથી રહેવાનો લાભ મળ્યો છે ! જેમાં થોડો વધારે નામ ઉમેરૂં તો બાંસુરી વાદક સંજીવભાઈ ધારૈયા હોય કે પછી ગુરૂ રોહિતભાઈ જીવાણી હોય, અમરેલી સાહિત્ય સર્જક પરિવાર હોય, સંવાદ ગદ્યસેતુ સંવેદન ગૃપ હોય કે પછી નાગલોક ગૃપ, ૨×૫ સાહિત્ય વર્તુળ અને લોક સાહિત્ય સેતુ આ તમામ ગૃપનાં પરિવારજનો આ ગામની સાચી સુગંધ છે. જે હર્ષદભાઈ શીર્ષક પંકિતને સાર્થક કરી રહ્યા છે !

## સૂત્રધાર : ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા

### ઝડપ અને શ્રેષ્ઠતાનો સંગમ : આધુનિક કોર્પોરેટ યુગમાં સફળતાની ચાવી

ગયા રવિવારના લેખમાં આપણે ચર્ચા કરી હતી કે કાર્યસ્થળ પર માત્ર મુશ્કેલીઓ ગણાવનારા ‘સમસ્યા શોધક’ બનવાને બદલે, રસ્તો કાઢનારા ‘સમાધાનના શિલ્પી’ બનવું અનિવાર્ય છે. પરંતુ, આજના અતિ ઝડપી યુગમાં માત્ર સમાધાન આપવું પૂરતું નથી; એ સમાધાન કેટલી ઝડપથી (Speed) અને કેટલી સચોટતાથી (Excellence) આપવામાં આવે છે, તેના પર તમારા કરિયરનો ગ્રાફ નક્કી થાય છે. **૧. આજના ઉદ્યોગોની બદલાતી માગ :-** અત્યારે ઈન્ડસ્ટ્રી ૪.૦ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સમય છે. કંપનીઓ પાસે હવે એવો સમય નથી કે તેઓ કોઈ પ્રોજેક્ટ માટે મહિનાઓ સુધી રાહ જુએ. માર્કેટમાં જે ‘First Mover’ છે, એટલે કે જે સૌથી પહેલા અને શ્રેષ્ઠ પ્રોડક્ટ લાવે છે, તે જ ટકી શકે છે. નવા કરિયરની શરૂઆત કરતા યુવાનોએ સમજવું પડશે કે : સ્પીડ એ તમારી કાર્યક્ષમતા (Efficiency) દર્શાવે છે. એક્સલન્સ એ તમારી વિશ્વસનીયતા (Reliability) સ્થાપિત કરે છે. **૨. સમાધાનના શિલ્પી માટે ‘સ્પીડ’નું મહત્વ :-** તમે જયારે કોઈ સમસ્યાનો ઉકેલ શોધો છો, ત્યારે તે ઉકેલ જો સમય વીતી ગયા પછી મળે તો તેની કિંમત શૂન્ય થઈ જાય છે. એક ‘સમાધાનના શિલ્પી’ તરીકે તમારી પાસે ‘અલશહય ખશક્ષમતયર્િ’ હોવું જોઈએ. **ઝડપી નિર્ણયશકિત :** ગૂંચવણમાં પડ્યા વગર ઉપલબ્ધ ડેટાના આધારે ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા કેળવો. **પ્રોસેસ ઓપ્ટિમાઈઝેશન :** કોઈ કામ કરવામાં જો ૫ કલાક લાગતા હોય, તો ટેકનોલોજી કે સ્માર્ટ વર્કથી તેને ૩ કલાકમાં કેવી રીતે પૂરૂ કરી શકાય એ વિચારવું એ જ સાચી સ્પીડ છે.

**૩. ક્વોલિટી સાથે બાંધછોડ નહીં (Excellence inTask) :-** ઘણીવાર સ્પીડ વધારવાના ચક્કરમાં યુવાનો ભૂલો કરી બેસે છે. યાદ રાખો, “Speed is useless without Direction” જો તમારૂં કામ ઝડપી હશે પણ તેમાં ચોકસાઈનો અભાવ હશે, તો મેનેજમેન્ટની નજરમાં તમારી છબી ‘ બેજવાબદાર’ કર્મચારી તરીકેની ઊભી થશે.**શ્રેષ્ઠતા (Excellence) લાવવા માટે :** Checklist બનાવો : કામ પૂરૂં થયા પછી સેલ્ફ-રિવ્યુ કરવાની આદત પાડો. Standard of work : તમારૂં કામ તમારી સહી (Signature) સમાન હોવુંજોઈએ. કોઈએ જોવાની જરૂર ન પડે કે આકામ કોણે કર્યુ છે, તમારી ક્વોલિટી જ તમારૂં નામ બોલવી જોઈએ.






ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
અમરેલી મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯


**૪. સ્પીડ અને એક્સલન્સ કેળવવાના વ્યવહારૂ પગલાં :-** Deep workની આદત : દિવસના ૨-૩ કલાક એવા ફાળવો જેમાં મોબાઈલ કે સોશિયલ મીડિયાના ડિસ્ટ્રક્શન વગર માત્ર કામ પર ફોકસ હોય. આનાથી સ્પીડ ૩ ગણી વધી જાય છે. Toolsનો સ્માર્ટ ઉપયોગ : મેઈલ ડ્રાફ્ટ કરવા માટે AI, ડેટા એનાલિસિસ માટે એડવાન્સ એક્સેલ કે પ્રોજેક્ટ મેનેજમેન્ટ માટે Trello/ Asana જેવા ટૂલ્સ શીખો. જે યુવાન ટેકનોલોજી સાથે સ્પીડ પકડે છે, તેને ઈન્ડસ્ટ્રી હથેળીમાં રાખે છે. સતત પ્રતિસાદ (Continuous Feedback) : કામ પુરૂં થવાની રાહ જોવાને બદલે, અધવચ્ચે જ તમારા મેન્ટર કે સિનિયરને બતાવો. આનાથી છેલ્લી ઘડીએ થતી મોટી ભૂલો અટકશે અને કામમાંનિપુણતા આવશે. અંતિમ વિચાર તમે ‘સમાધાનના શિલ્પી’ તો બની ગયા, પણ હવે એ શિલ્પને કંડારવામાં તમારે આધુનિક યુગના મશીન જેવી ઝડપ અને એક કલાકાર જેવી ઝીણવટભરી ચોકસાઈ લાવવી પડશે. જયારે તમારી સ્પીડ અને એક્સલન્સ ભેગા થાય છે, ત્યારે તમે માત્ર એક કર્મચારી નથી રહેતા, પણ સંસ્થા માટે એક ‘Asset’ (મૂલ્યવાન સંપત્તિ) બની જાઓ છો.**આજનું સૂત્ર :** “ઝડપ તમારી ગતિ છે, પણ ચોકસાઈ તમારી શકિત છે; બંને મળેત્યારે જ સફળતાની સૃષ્ટિ છે.”

**તસ્વીર સૌજન્ય- સાર્થક મહેતા**

# ॥ રામ ઉઠાય માતુ ઉર લાઈ, કહિ મૃદુબચન બહુત સમુજાઈ ॥


શ્રી રામચંદ્રાય નમઃ
પ્રિય રમે સાદર આસીસ,


મૈં તા. ૧૯ કો યહાં આયા હું સ્વાસ્થ એકદમ ખરાબ હોને સે પત્ર ન લિખ સકા તુમ યહાં જલ્દી આ જાઓ સંભવતઃ મૈં યહાં જયાદા ન ઠહરા હું. મૈં વૃંદાવનમેં કલધારીજી કે બગીચા મેં ઠહરા હું. તુમ પુરૂષોતમભાઈસે ઈતના કહકર આના કિ વહ ધીરૂ ઔર મનહર કો ન લિખે તુમ મેરે પાસે ગઈ હો. કારણ સબકો માલૂમ હોને સે ભીડ હો જાવેગી મેં યદિ ચલ ગયા તે તુમકો તાર દૂંગા. સબકો આસીસ
રણછોડદાસ

આ પત્ર મને મળ્યો તે દિવસે શનિવાર હતો. બપોરે બાર વાગે પત્ર મળતાં બે વાગ્યાની બસથી રવાના થઈ રાત્રે નવ વાગે મથુરા પહોંચી. ડિસેમ્બર મહિનાની કડકડતી ઠંડી હતી. બસમાંથી ઉતરી વૃંદાવન જવા માટે ટાંગાવાળાને પૂછતાં તેણે આશ્ચર્યથી પૂછયું, "બહેનજી આપ અકેલે હો ?" તેની દષ્ટિએ હું એકલી જ હતી. તેની આવવા ઈચ્છા ન હોવાથી તે વખતે વધુમાં વધુ બે રૂપિયા લાગે તેના બદલે તેણે પાંચ રૂપિયા કહ્યા. હું તૈયાર થઈ ગઈ. તે નવાઈ તે પાસે. થોડીવાર તે બીજા લોકાને વૃંદાવન આવવા બાબત પૂછતો રહ્યો. તેમાં એક પતિ–પત્નિ આવવા તૈયાર થયા. સાડા નવ થઈ ગયેલા. લોકોએ વચ્ચે ચા–પાણી માટે રોકાવાનું કહ્યું. ત્યાંની ઠંડી પ્રમાણે દુકાન ખુલ્લી ન મળી અને દુકાન ખોલાવી રહા બનાવરાવતાં કલાક નીકળી ગયો. મથુરાથી લગભગ અગિયાર વાગ્યે વૃંદાવન જવા નીકળ્યા. સખત હવા, અંધારૂં ઘોર અને વાદળાં પણ હતા. શિયાળો બોલતાં હતા. બાર વાગ્યે વૃંદાવન પહોંચ્યા ગામની પેલે પાર કલાધારીની બગીચી હતી. રસ્તા પર સખત રેતી હતી કે ઘોડો ચાલી પણ ન શકે. ખુણાં પરથી લગભગ આઠેક ફૂટની ઉંચી દિવાલ શરૂ થતાં ટાંગાવાળાએ કહ્યું, "લો બહેનજી કલાધારીક બગીચી આ ગઈ"

ક્યાંય દરવાજો ન દેખાતાં તેને આગળ ટાંગો લેવા કહ્યું. ગલીમાં ઘણે દૂર સુધી ગયા બાદ મોટો દરવાજો આવ્યો. મોડી રાત, સખત ઠંડી અને અજાણ્યું સ્થાન. ટાંગાવાળાને કહ્યું, પહેલાં કોઈને બોલાવી આપ પછી તું જજે. મારા કહ્યા પ્રમાણે તેણે મહારાજજીના નામની
રામ પ્રબોધભ કીન્હ વિધિનાના, સમય સનેહ ન જાય બખાના ।
સાત આઠ બૂમો પાડી ઘણે દૂરથી કોઈને અવાજ સંભળાયો, "કેન હે ? આ રહા હું" જવાબ મળ્યા બાદ દસ મિનિટ આવતા લાગી. ઠંડીના કારણે સામાન પણ વધારે હતો. અજાણ્યા સાધુ હતા. તેમને ભગવાન વિષે પૂછતાં તેમણે કહ્યું, "વો તો યહાં સે ચલે ગયે ઔર ગોકુલ ગયે હૈ." સવારે વૈષ્ણવદાસજી મહારાજજી મળ્યા. તેઓને ખબર નહીં કે ભગવાને મને બોલાવી છે તેથી ભગવાન વિષે પૂછતાં તેઓએ ઉડતો જવાબ આપે, "કહાં ગયે હમે માલુમ નહીં હૈ." વધારે પૂછપરછ ન કરતાં મારે રૂમ બંધ કરી રામનામ લેખન વિગેરે કરતી હતી. નિયમ પ્રમાણે ચરણામૃત વિના ખાવા





પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)


સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૫૩૫૪ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)

પીવાનું તો હતું નહીં. સાંજે વૈષ્ણવદાસજી મહારાજજીએ કહ્યું, "યહાસે દોસો મિલકસ દૂરી પર ગયે હૈ" મેં સાંભળી લીધું કારણ જેમણે બેલાવી તેમને ચિંતા છે જ. થોડીવારે ફરી વાર બોલ્યા, "ગ્વાલિયરકી તરફ ગયે હૈ. આજ આ જાને ચાહિએ, યદિ આજ નહીં આયેંગે તો ફિર પરસો આવેંગે." રવિ, સેમ નીકળી ગયા. હવે તો ખૂબ જ આતુરતાથી રાહ જોતા હતા પરંતુ નિરાશા. બુધવારે અંતે રાહ જોઈને દૂધ લીધું. શુક્રવારે તાર કરવા ગયા ત્યાંથી આવ્યા એટલામાં તે નન્નું મહારાજને (ભગવાનની ગાડીના ડ્રાઈવર) આવતાં જેયા, મને એમ કે ગાડી બહાર ઊભી હશે. એટલામાં તે તેઓ બોલ્યા, "મહારાજજી યહાં નહીં આયે ?" અમે તો ચકિત થઈ ગયા. વૈષ્ણવ–દાસજી મહારાજજી તેમના પર ગુસ્સે થયા, "મહારાજજીકો કહાં ઔર કયોં અકેલે છોડે ?" તેમને રમત સૂઝતી હતી, "હમેં કુછ નહીં માલૂમ પહલે હમેં ચાય પીલાવ" થોડીવાર બાદ પત્ર આપ્યો. વૈષ્ણવદાસજી મહારાજજી પત્ર હાથમાં લઈ ફરતા રહ્યા. તેમને એમ કે રમાબેનને જાણ નહીં કરવાની હોય તો ? અને મને ખબર નહીં કે તેઓ ભણેલાં નથી અંતે મને જ વાંચવા આપે. ભગવાને લખેલું, શ્રી રામચંદ્રાય નમ : શ્રી વૈષ્ણવદાસ
સાદર આસીર્વાદ,

મેરી તબિયત ખરાબ હૈ તુમ દેખતે પત્ર કે શીઘ્ર ચલે આઓ. સાથમેં રમાબેન જયપુરવાલીકો લેકર ચલે આઓ. સામાન, મેરા પલંગ, બિસ્તર ઔર કપડે કી પેટી લેકર બાકી સામાન પેક કર ડબ્બોમેં તાલે
રામ બિલોકી બંધુ કર જોરે, દેહ ગેહ સબસન તૃણ તોરે ।
લગાકર મહંતજીકી સલાહ લેકર સુરક્ષિત જગહમેં રખવા દેના તાકી કોઈ નુકશાન ન હો પાયે ઔર પ્રતિષ્ઠા કે સમયમેં કામ આવે, અધિકારીકો સાફ હી સ્પષ્ટ કહ દેના કિ જિજવાન કે સ્થાન પર પ્રતિષ્ઠામેં શ્રી કુન્દનલાલ ઉપાધ્યાય અનંતપુરવાલે બેઠગે. સામગ્રી સબ પિસાક મુકુટ સહિત તૈયાર કરવાકે લિખે અનુસાર હમ આકર રૂપીયા પેમન્ટ કર દેંગે. તુમ કેવલ ઉનકો ૨૦૦) રૂપિયા દે દેના.

યદિ વહુ આગ્રહ કરે તો ૨૦૦) રૂપિયા ઔર દે દેના ઔર મેરી છોટી પેટી સાથમેં લેતે આના ઔર ઉસીમે સો રૂપિયા નિકાલકર દેના, રાસ્તા ઝાંસી બીના બદલકર ગુના આઓ, પાટ લેતે આના. રણછોડદાસ
જે દિન ગયે તુમહિ બિનુ દેખે, તે વિરંચિ જનિ પારહિ લેખે....
(૫૩) નાથ કૃપા અબ ગયઉ વિષાદુ
તરત જ બધો સામાન પેક કરી અમે નીકળી ગયા. મથુરાથી સાંજે રવાના થયાં બીજા દિવસે બપોરે બાર વાગ્યે અનંતપુર પહોંચ્યાં. આજે જયપુરથી નીકળ્યે બરાબર અઠવાડિયું થયું. પહોંચતાની સાથે કહ્યું, "રમા પહલે ભોજન બનાઓ મુઝે ભૂખ લગી હૈ." જાણતાં હતા કે મારે અઠવાડિયાના ઉપવાસ હતા. ભીંડાનું શાક, મગની દાળ, રોટલી બનાવ્યા. ભોજન લીધું ત્યારબાદ મેં પૂજા કરી, પછી હું પણ જમી.

જમ્યા બાદ કહ્યું, "અબ તો વિશ્વાસ હૈ ના, બુલાયા ના !" તે દિવસે ત્યાં જ રહ્યા. રાત્રે મોડી રાત સુધી હું ભગવાન પાસે હતી. મારા રૂમમાં પથારી તૈયાર કરાવેલી. જે વખતે ભણવાનું છોડ્યું ત્યારથી ઉનાળામાં કંતાન, ચટાઈ અથવા રેકઝીનને ટુકડો જ મારૂં બિસ્તર હતું, શિયાળામાં કમ્બલનો ઉપયોગ કરતી. અત્યારે તો સખત ઠંડીના દિવસો હોવાથી બે કમ્બલ, ગરમ શાલ ઓઢવા, પાથરવા પાસે હતું. રૂમમાં જઈ પથારી જોઈતે ખરી પરંતુ હું તે મારૂં બિસ્તર પાથરી સૂઈ ગઈ.
રામ પ્રાણપ્રિય જીવન જીકે, સ્વાસ્થરહિત સખા સબહીકે ।
સવારે ભગવાને ભોજન લીધા બાદ કહ્યું, "રમા, તુમને માં કે બહુત દુઃખી કર દિયા." મેં કહ્યું, "ભગવાન, હું તો કાઈ જ બોલી નથી." તે કહ્યું, "અરે ઉન્હોને બિસ્તર લગવાયા થા ફિર ભી તુમ નીચે કયોં સો ગઈ ? તુમ્હે માલુમ હૈ ઉનકો કિતના દુઃખ લગા ?" મેં મારે નિયમ જણાવતાં કહ્યું. "ભગવાન મેં તે ઘર પર ભી ઐસે હી સોતી હૂં.." દેખો રમા, ઐસા કુછ નિયમ નહીં રખના કોઈ એકકે ઉપર એક દો ગદ્દા બિછા દે તો ભી સો જાના ઔર કભી મુસાફરીમેં સડકકે કિનારે ખાલી જમીન પર સોના પડે તો ભી સે જાના આજ માં કે કિતને દુઃખ લગા ઐસા નહીં કરના."

ત્યારથી આ નિયમ પણ ધીરે ધીરે છૂટે. બપોરે હું, ભગવાન, વૈષ્ણવદાસજી મહારાજજી અને નન્નું મહારાજ ભગવાનની ગાડીમાં અનંતપુરથી નીકળ્યા. તે ગાડી લાલપટ્ટાના નામે ઓળખાતી હતી. મોટી સ્ટેશન વેગન છપ હતી. કઈ બાજુ જવાનું છે તેથી હું અજાણ હતી. વચ્ચે જંજાલીનું જંગલ આવ્યું ત્યાંથી હાઈવે પર નીકળતાં માઈલ સ્ટોન પર ઉજ્જૈન, ઈંદોરના નામો વંચાતા તે બાબત મેં કાંઈ પૂછયું નહીં. લગભગ સાંજે ચારની આસપાસ રસ્તામાં એક ગામે બજાર ભરાયેલી હતી ત્યાં ભગવાને ગાડી ઉભી રખાવી. શ્રી વૈષ્ણવદાસજી મહારાજજીને શાકમાં કોબી, બટેટા લાવવા કહ્યું. પહેલી જ વાર આ રીતે ભગવાન સાથે એકલી નીકળી હોવાથી કંઈ સમજણ હતી નહીં. બધું જોયા કરતી હતી. ત્યાંથી ગાડી ચાલુ થતાં ખોળામાં રૂમાલ પાથરી ભગવાન શાક સુધારવા લાગ્યા. મેં કહ્યું, "ભગવાન મુઝે દે દો મૈ કરતી હું " તો કહ્યું, "દેખો તો સહી મુઝે આતા હૈ કિ નહીં ?" પછી બટેટા ભગવાને સુધાર્યા અને કોબી મેં સુધારી. ઠંડીના દિવસો હોવાથી પાંચ વાગતા તો અંધારૂં થવા આવેલું. થોડે દૂર જતાં ફરી એક મોટા ઝાડ નીચે ગાડી ઊભી રાખી, તરત જ બધો સામાન ખોલાવી નન્નુ મહારાજને બાલ્ટી લઈ પાણી ભરવા મોકલ્યા, મેં પ્રાયમસ અને વૈષ્ણવદાસજી મહારાજજીએ સગડી પેટાવી. તેટલામાં પાણી આવી જતાં ભગવાન એક તપેલીમાં સુધારેલું શાક ધોવા લાગ્યા અને મને કહ્યું, "ચલો સબ્જી છોક દો." ભગવાન વૈષ્ણવદાસજી મહારાજજી પાસે બધું આપ લે કરતા રહ્યા. એક થાળીમાં લોટ કાઢ્યો અને મને કહ્યું, "ઈતિના આટા બના લો." શાક વધારાઈ જતાં વધારાનો સામાન પાછો મૂકાવતા રહ્યા. સગડી

# *FIT INDIA તો HIT INDIA*

મિત્રો, ૨૦૨૬નું વર્ષ નવી આશાઓ સાથે આપણે રાહ જોઈ રહ્યું છે જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ આપણે આપણી જાતને અગાઉ કરતાં વધારે અપગ્રેડ કરતી રહેવી પડે છે, ઉત્ક્રાંતિવાદનાં સિધ્ધાંત મુજબ કુદરત અવાર–નવાર તેની સિસ્ટમને અપગ્રેડ કરતી હોય છે અને જે પ્રાણી આ સિસ્ટમને અપનાવતા નથી તે ધીરે–ધીરે નાશ પામે છે, આવી જ રીતે ડાયનાસોર જેવું મહાકાય અને શકિતશાળી પ્રાણી પણ કુદરતની અપગ્રેડ સિસ્ટમને ન અપનાવતા કાળક્રમે નાશ પામ્યું, જેવી રીતે આપણે આ ટેકનોલોજીનાં યુગમાં જાણીએ છીએ કે નોકિયા જેવી મોબાઈલની દુનિયાની બિનહરીફ કંપની પણ એન્ડ્રોઈડને નો અપનાવતા બંધ થવાને આરે આવી ગઈ.

એનો અર્થ એ છે કે કુદરત કાળક્રમે તેની સિસ્ટમમાં ફેરફાર કરતી હોય છે અને જયારે કોઈપણ ફેરફાર થતો હોય પ્રાણી માત્રને થોડીક મુશ્કેલી ભોગવવી પડતી હોય છે ત્યાર બાદ ધીમે–ધીમે તે મુજબ દરેક ગોઠવાઈ જતા હોય છે, કુદરતનાં સિસ્ટમને અપગ્રેડ કરવાની સાથે આપણે જો અપગ્રેડ નહિ થઈએ તો આપણે પણ ખૂબ હાલાકી ભોગવવી પડશે.

આ બધી ચર્ચા કરવાનુ કારણ એ છે કે કોરોના જેવો વાઈરસ આવનારા સમય કેવી રીતે વર્તશે એ કોઈને પણ ખબર નથી, બધા ડોકટરો, વૈજ્ઞાનિકો આ બધા ફકત અનુમાન જ કરી શકે છે કે વાઈરસ હવે પછી કેવુ વર્તન કરશે અને તમે જયારે એવી પરીસ્થીતીમાંથી પસાર થાતા હો કે જયા ફકત અનુમાન જ કરવાનુ હોય કે હવે પછી શુ થશે અને આવનરા સમયની રાહ જોવાની હોય, ત્યારે બે વસ્તુ કરવી પડે પહેલુ આપણે આ પરીસ્થીતીમા કેમ બચવુ તેના ઉપાયો વિચારવા પડે અને તેને અમલમાં મુકવા પડે અને બીજુ તમારે તમારી જાતને આ પરીસ્થીતી માટે તૈયાર કરવા અપગ્રેડ કરવી પડે.




અપગ્રેડ શબ્દથી આપણે બધા આ મોબાઈલના યુગમા બરાબર પરીચીત છીએ, જયારે આપણા જુના મોબાઈલમા કોઈ એપ ચાલતી ન હોય કે સપોર્ટ ન કરતી હોય ત્યારે આપણે મોબાઈલને અપગ્રેડ કરાવીએ છીએ, બસ આ જ વસ્તુ આ પરીસ્થીતીમા આપણે કરવાની છે આપણી જાતને અપગ્રેડ કરવાની, મતલબ કે આપણે જે છીએ તેના કરતા ૧૦ ટકા વધુ આ પરીસ્થીતી માટે તૈયાર કરવાની, જેમા ચાર બાબત મુખ્ય છે, પહેલુ ફીઝીકલી ફીટ છીએ તેના કરતા ૧૦ ટકા વધુ ફીટ થવાની, બીજુ મેન્ટલી ૧૦ ટકા વધુ શાર્પ થવાની, ત્રીજુ ઈમોશનલી ૧૦ ટકા વધુ બેલેન્સ થવાની અને ચોથુ ૧૦ ટકા વધુ એનરઝેટીક થવાનું..

જો ભારતીય જનતા તંદુરસ્ત હશે, તો ભારતની પ્રગતી વધુ ઝડપી બનશે, જે ભારત માતાની એક પ્રકારની સેવા જ ગણાશે.

W.H.O.ના મતે "health is a state ofcomplete phyasical, mental and social well-being and not a more absence of disease or infirmity and also an ability to live an socially and economocally productive life.

અર્થાત હેલ્થ એટલે એવી સ્થીતી જેમા વ્યકિતમા રોગ કે નબળાઈ ન હોય એટ્લુ જ નહી પરંતુ વ્યકિત શારિરીક, માનસીક અને સામાજીક રીતે સ્વસ્થ હોય અને એવુ જીવન જીવતો હોય જેમા સમાજને માટે મદદરૂપ થાય તેવુ આર્થીક અને સામાજીક કામ કરવાની ક્ષમતા હોય. આયુર્વેદમા પણ સ્વસ્થ પરીભાષા આવી જ છે કે........

"સમદોષ સમાગ્ની સમધાતુ મલક્રીય પ્રસન્નતાઆત્મ ઈન્દ્રીય મન સ્વસ્થ ઈત્ભીધીયતે ॥"
અર્થાત જે વ્યકિતના વાયુ, પીત અને કફ દોષ સરખા (balance) હોય, જેના તેર (૧૩) અગ્નિ, (એક જઠરાગ્નિ, સાત ધાત્વગ્નિ તથા પાચ મહાભુતગ્નિ સરખા હોય) જેના રસ, રકત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એમ સાત ધાતુ સરખી હોય, જેના મળ, મુત્ર અને સ્વેદ (પરસેવો) મળોની પ્રવૃતિ બરાબર થતી હોય, તથા જેના આત્મા, ઈન્દ્રીય અને મન પ્રસન્ન છે તે સ્વસ્થ છે.

**તો આ સ્વસ્થ રહેવા (FIT) શુ કરવુ ?**

જો આપણી દીનચર્યા બરાબર હશે તો આપણે સ્વસ્થ રહી શકીસુ દિનચર્યા એટલે સવારે નિંદ્રાત્યાગ, મળત્યાગ, દાતણ, માલિશ, સ્નાન વગેરે પ્રાતઃકર્મથી શરૂ કરીને રાત્રે નિંદ્રા સુધીની આપણી દૈનીક કરવાની વીધી, સ્વસ્થ રહેવા માટે આપણે ત્રણ મુખ્ય બાબતને ધ્યાનમા લેવી પડશે. (૧) કસરત (EXERCISE), (૨) આહાર (DIET), (૩) તનાવ મુકત જીવન (STREES FREE LIFE)

**(૧) કસરત :–**

કસરત આપણે આપડા શરીર બળને ધ્યાનમા રાખી ઋતુ મુજબ અને નીયમીત કરવી ખુબ જરૂરી છે જેમા,
(અ) એરોબીક્સ (ચાલવુ, સાયક્લીંગ, દોરડા કુદવા જેવી કસરતો)
(બ) આસન (ઉમર અને શરીરની સ્થીતીને ધ્યાન રાખી જુદા–જુદા યોગાસન કરવા)
(ક) વેઈટ લીફટીંગ (શરીરના સ્નાયુને મજબુત કરવા જુદી–જુદી વેઈટ લીફટીંગ કસરત કરવી
(ડ) સ્પોર્ટ્સ (બેડમીંટન, ટેબલ ટેનીસ, વોલીબોલ, ફુટ્બોલ જેવી રમતો રમવી)
(ઈ) ધ્યાન (મનની શાંતી અને એકાગ્રતા માટે ધ્યાન નીયમીત કરવુ)

(૨) આહાર (DIET)

આહાર આપણા શરીરનુ ઈંધણ છે, આપણુ શરીર ચલાવવા માટે આહારની જરૂર પડે છે, પરંતુ આહાર આપણે એવી રીતે લેવા માંડ્યા છીએ કે આહાર આપણા મીત્રને બદલે દુશ્મનનુ કામ કરવા માંડયો છે. આહાર બાબતે ત્રણ મુખ્ય બાબત જરૂરી છે.

(અ) આહાર કેટલો લેવો ?

સામાન્ય રીતે આપણે પેટ ભરીને જમતા હોઈએ છીએ જેને લીધે આહારને આંતરડામા પચવામા મુશ્કેલી થાય છે.

આયુર્વેદના મતે આપણે આપડી ભુખ કરતા અડ્ધુ જમવુ જોઈએ, અર્થાત પચાસ ટકા પેટ સોલીડ ખોરાકથી, પચીસ ટકા પ્રવાહીથી અને પચીસ ટકા પેટ ખાલી રાખવાથી સરળતાથી પાચન થાય છે.

**માત્રા યુકત આહારના લક્ષણો :–** જેટલો ખોરાક ખાવાથી હોજરી ઉપર દબાણ ન પડે, હદયની ગતિમાં રૂકાવટ પેદા ન થાય, પડખા ચિરાતા હોય તેવી વેદના ન થાય, પેટ ભારે ન લાગે, મન તથા ઈન્દ્રીયો પ્રસન્ન રહે, ભુખ તથા તરસ શાંત થાય, બેસવુ, સુવુ, ચાલવુ, સ્વાસ્થ્ય પ્રસ્વાસ, હસવું તથા વાતચીત વગેરે કરવામા અનુકુળતા રહે, સવારે ખાધેલું સાંજે અને સાંજે ખાધેલું સવારે બરાબર પચી જાય તથા બળ, વર્ણ અને શરીર વધે તેને માત્રાયુકત (યોગ્ય્ પ્રમાણવાળા) ખોરાક કહેવાય.

**(બ) કેવુ જમવુ :–**

સાત્મ્ય, સ્વચ્છ, પથ્ય, સ્નિગ્ધ, ગરમ એકંદરે હલકુ, છયે રસ વાળુ, જેમા દ્રવ વધારે હોય

**(ક) ક્યારે જમવુ :–**

જયારે ઝાડો તથા પેશાબ સારી રીતે થઈ ગયો હોય, ઓડકાર બહુ શુધ્ધ આવતો હોય, ભુખ સારી રીતે લાગી હોય અને મન ચીંતાગ્રસ્ત ન હોય ત્યારે આનંદપુર્વક નિરાંતે ચાવી–ચાવીને જમવુ, સાંજે ૭ વાગ્યા પહેલા જમી લેવું.

**(૩) તનાવ મુકત અને પ્રસન્ન જીવન**

આપણા મોબાઈલને જો સમયસર ચાર્જ ન કરીએ તો તેની બેટરી ઉતરી જાય છે અને મોબાઈલ બરાબર કામ કરતો નથી, આમ એક યાંત્રીક વસ્તુને પણ સમયસર ચાર્જ કરેવી પડે છે, પરંતુ શું આપણે આપણા શરીર તથા મનને વારંવાર ચાર્જ કરીએ છીએ ?

અત્યારના આધુનીક અને હરીફાઈના યુગમા આપણે આપડી જાત સાથે એકલા રહેવાનુ, તેને રીચાર્જ કરવાનુ બંધ કરી દીધુ છે પરીણામે હતાશા, ચીંતા, તાણ આપણી ઉપર હાવી થઈ ગયા છે.

**શરીર તથા મન ને રીચાર્જ કરવા શુ કરવું ?**

રોજની ૨ કલાક, અઠવાડીયાનો ૧ દીવસ અને વર્ષમા ૨ વેકેશન તમારી જાત સાથે ગાળો. તમારો શોખ જાગ્રુત કરો, રમો, વાંચો, સંગીત સાંભળો, ગીત ગાવ, લખો, સામાજીક અને રચનાત્મક કામમા ભાગ લો, પ્રાકુતીક વાતાવરણમા ફરો મિત્રો બનાવો.. અને આ બધુ કરવા નિવૃત થાવ તેની રાહ નો જોવો.

આમ, આજના ઝ્ડપી અને હરીફાઈનાં યાંત્રીક યુગમાં મિત્રો સ્વસ્થ રહેવુ હશે તો આહારમાં સંતુલન જાળવવું પડશે, કસરત નિયમીત કરવી પડશે અને શરીર તથા મનને નિયમીત રીચાર્જ કરવાની ટેવ પાડવી પડશે.

**મર્મ બિંદુ :** પ.પૂ.શિવકૃપાનંદ સ્વામીજી એ ૨૦૨૬ના વર્ષને સંગત વર્ષ તરીકે જાહેર કર્યું છે, આપણે ત્યાં એવી કહેવત છે જેવો સંગ એવો રંગ, આપણી, આપણાં બાળકોની સંગત કોની સાથે છે એ ધ્યાન પૂર્વક જોવાની અને સારી સંગતમાં રહેવાની આજના યુગમાં ખાસ જરૂરીયાત છે કારણ એ જ આપણું ભવીષ્ય નક્કી કરશે.

# સાબુમાંથી સ્વાવલંબન સુધી : લીલીયા તાલુકાના ગોઢાવદર ગામની મહિલાએ રચી આત્મનિર્ભરતાની સુગંધિત કહાણી









અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં હવે મહિલાઓ માત્ર ઘરગથ્થુ કામ સુધી સીમિત નથી રહી, પરંતુ આત્મનિર્ભર બની પોતાના પરિશ્રમથી આર્થિક રીતે મજબૂત બની રહી છે. આવી જ એક પ્રેરણાદાયી કહાણી લીલીયા તાલુકાના ગોઢાવદર ગામની મહિલા નીતાબેન ગજેરાની છે, જેમણે સાબુ બનાવવાના વ્યવસાય દ્વારા પોતાનું અને પરિવારનું જીવન બદલ્યું છે. માત્ર ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલી નીતાબેન ગજેરાએ એક વર્ષ પહેલા ઘરેથી જ સાબુ બનાવવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં નાનકડા પાયે શરૂ કરેલા આ પ્રયાસ આજે સમગ્ર ગુજરાત સુધી પહોંચ્યો છે. નીતાબેન હાલમાં એલોવેરા, લીમડા, કેસુડો, મોગરા, કપૂર સહિત કુલ ૧૨ પ્રકારના હર્બલ અને કુદરતી સાબુ બનાવે છે. આ તમામ સાબુઓમાં કુદરતી ઘટકોનો ઉપયોગ થતો હોવાથી લોકોમાં તેની માંગ સતત વધી રહી છે. નીતાબેન ગજેરાના જણાવ્યા મુજબ, તેઓ પ્રતિ નંગ સાબુ ૨૫ રૂપિયાના ભાવે વેચે છે. દર મહિને અંદાજે ૫૦૦૦ જેટલા સાબુનું વેચાણ થાય છે. ગોઢાવદર ગામ જેવા ગ્રામ્ય વિસ્તારમાં રહીને પણ તેઓ સમગ્ર ગુજરાતમાં કુરિયર મારફતે સાબુ મોકલે છે. શહેરો ઉપરાંત નાના ગામડાઓમાંથી પણ તેમના સાબુ માટે ઓર્ડર મળવા લાગ્યા છે. આ સાબુ વ્યવસાયથી નીતાબેનને દર મહિને અંદાજે ૭૦ હજાર રૂપિયાથી વધુની આવક થાય છે. આ આવક માત્ર નીતાબેન માટે જ નહીં, પરંતુ તેમના પરિવાર માટે પણ મોટો આધાર બની છે. પહેલાં જયાં ઘરખર્ચ ચલાવવો મુશ્કેલ બનતો હતો, ત્યાં આજે તેઓ સ્વાભિમાન સાથે પોતાના પગ પર ઊભા છે. ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે સરકાર અને વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે, પરંતુ નીતાબેન ગજેરા જેવી મહિલાઓ એ સાબિત કરી રહી છે કે સાચી પ્રેરણા અને મહેનત હોય તો ઓછા સાધનોમાં પણ મોટું સ્વપ્ન સાકાર કરી શકાય છે. ઘરેલું સ્તરે શરૂ થયેલો સાબુ બનાવવાનો વ્યવસાય આજે એક સફળ ઉદ્યોગ બની ગયો છે. ગોઢાવદર ગામની નીતાબેન ગજેરા આજે અન્ય મહિલાઓ માટે પ્રેરણા બની છે. અનેક મહિલાઓ તેમના સંપર્કમાં આવી સાબુ બનાવવાની માહિતી મેળવી રહી છે. નીતાબેનનું માનવું છે કે જો મહિલાઓને યોગ્ય માર્ગદર્શન અને આત્મવિસ મળે તો તેઓ પણ આ રીતે પોતાનું સ્વાવલંબન ઊભું કરી શકે. સુગંધિત સાબુ સાથે જોડાયેલી આ સફળતાની કહાણી એ દર્શાવે છે કે અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ હવે નવી દિશામાં આગળ વધી રહી છે અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરી રહી છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે આર.બી.એસ.કે. અંતર્ગત બાળ સ્વાસ્થ્ય તપાસ કાર્યક્રમ યોજાયો






ચલાલા પ.પૂજય સંત ડો.રતિદાદાનાં આશીર્વાદ અને ભારત ભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન નીચે ચાલતી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (આરી.બી.એસ.કે.) અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વિશેષ સ્વાસ્થ્ય તપાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત આરી.બી.એસ.કે. ટીમ દ્વારા બાળકોના સ્વાસ્થ્યની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ડો. ડી.ડી. ધાધલ (આરી.બી.એસ.કે. મેડિકલ ઓફિસર), ડો.ધ્રુવીબેન ગોંડલિયા (આરી.બી.એસ.કે. મેડિકલ ઓફિસર) તથા પૂજાબેન (એફ.એચ.ડબલ્યુ) આરોગ્ય વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા. ટીમ દ્વારા વિદ્યાર્થીઓમાં દ્દષ્ટિ, સાંભળવાની ક્ષમતા, દાંત, પોષણની સ્થિતિ તેમજ અન્ય સામાન્ય રોગોની તપાસ કરવામાં આવી હતી. જરૂરિયાત મુજબ બાળકોને આગળની સારવાર અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આચાર્ય શીતલબેન મહેતા દ્વારા આરોગ્ય વિભાગની ટીમનું સ્વાગત કરી આ પ્રકારના કાર્યક્રમો બાળકોના સર્વાંગી વિકાસ માટે અત્યંત ઉપયોગી હોવાનું જણાવ્યું હતું. તેમણે આરોગ્ય વિભાગનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમની સફળતા માટે સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું ખાંભાના જીવાપરનાં સરપંચનાં પતિને

ઉપસરપંચ હોય. જેથી તે જ ગામે રહેતા વિજયભાઈ માધાભાઈ સરવૈયા તથા સંજયભાઈ માધાભાઈ સરવૈયાને જીવાપર ગામમાં ડો. બાબા સાહેબ આંબેડકરની મુર્તિ મુકવી હોય. જે મુર્તિ મુકવા માટે ઉપસરપંચના પતિને ગત તા. ૨૮નાં સાંજના આશરે આઠ વાગ્યે આરોપી વિજયભાઈ માધાભાઈ સરવૈયાએ ઉપસરપંચના પતિને ફોન કરી વાત કરવા ઉપસરપંચના પત્નીએ આરોપીને કહેલ કે મારી કોઈ સતાની નથી કે, હું જીવાપર ગામમાં તમને જગ્યા આપી શકુ, જો તમારે જો જગ્યા હોય તો તમે ત્યા ડો. બાબા સાહેબ આંબેડકરની મુર્તિ મુકી શકો છો. તેમ સમજાવતા આરોપીને સારૂ નહી લાગતા તેમણે ઉપસરપંચના પતિને ફોનમાં જેમ ફાવે તેમ ગાળો આપી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ આરોપી સંજયભાઈ માધાભાઈ સરવૈયાએ પણ ઉપસરપંચના પતિને ફોન કરી કહેલ કે જો તમે અમોને ડો. બાબા સાહેબની મુર્તિની જગ્યા નહી આપો તો હું તમારી ઉપર ખોટી એટ્રોસીટી કરીશ અને તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ હતી. તેમજ જીવાપર ગામના ઉપસરપંચનું સંબોધન કરી બંને આરોપીઓએ ગામના જીવાપર વ્હોટસએપ ગ્રુપમાં બીભત્સ ગાળો બોલતી ઓડીયો કલીપો મોકલી ઉપસરપંચને ગાળો આપ્યાની ઉપસરપંચના પતિ મહેશભાઈ શામજીભાઈ હીરપરાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં એક કિશોરી

નોંધાતાં સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારીયા ગામે રહેતાં મધુભાઈ વિરાભાઈ ચૌહાણ નામનાં ૬૩ વર્ષીય વૃધ્ધ ખેડુતના પત્નિને છેલ્લા પાંચેક વર્ષથી હદયની તકલીફ હોય જેથી મધુભાઈ ચૌહાણ ઉદાસ અને દુઃખી રહેતા હોય જેથી ગત તા.૧ બપોરનાં ૩/૩૦ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે. ખાલસા કંથારીયા ગામે પોતાની મેળે ગળાફાંસો ખાઇ લેતાં વૃધ્ધનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં દેવભુમી દ્વારકા જિલ્લાનાં ધીણકી ગામે રહેતી રતનબેન બાબુભાઇ વાઘેલા નામની ૧૨ વર્ષીય કિશોરી ગત તા.૨ ના રોજ સાંજે ૪ વાગ્યે ધારી તાલુકાના ચલાલા ગામે ખાંભા રોડ કરેણીયા પુલ પાસે કોઈ કારણોસર ઉંટ ગાડીનો ઉંટ ભડકતા ઉંટગાડી રોડ ઉપરથી નીચે પલ્ટી ખાઇ જતા કિશોરીને માથાના ભાગે ઈજા થતા તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં જાફરાબાદ તાલુકાના વડલી ગામે જુના પ્લોટ વિસ્તારમાં રહેતી લક્ષ્મીબેન રાકેશભાઈ બાંભણીયા નામની ૩૬ વર્ષીય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર મનમાં લાગી આવતા પોતાની મેળે ગત તા.૨ ના રોજ ૧૨/૩૦ વાગ્યાદરમ્યાન વડલી ગામે રહેણાંક મકાને ગળાફાંસો ખાઇ લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૧૦ | ૧૩૧૩ |
| ૨ | ઘઉં | ૪૯૫ | ૫૧૧ |
| ૩ | અડદ | ૧૦૧૧ | ૧૦૨૦ |
| ૪ | ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૫ | બાજરો | ૩૯૦ | ૩૯૦ |
| ૬ | શીંગદાણા | ૧૪૩૦ | ૧૪૩૦ |
| ૭ | શીંગ ફાડા | ૧૨૮૦ | ૧૨૮૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૦ | ૧૩૩૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૦૦ | ૧૩૮૦ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૩૭૫ |
| ૪ | શિંગદાણા | ૧૦૩૦ | ૧૪૮૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૬ | તલ સફેદ | ૧૧૭૦ | ૨૩૦૦ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૪૩૩૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૨૭૦ | ૨૩૯૦ |
| ૯ | કપાસ | ૮૦૦ | ૧૫૮૦ |
| ૧૦ | એરંડા | ૧૦૮૦ | ૧૩૦૫ |
| ૧૧ | જીરૂ | ૩૬૯૦ | ૪૧૪૦ |
| ૧૨ | ધાણા | ૧૬૦૦ | ૨૦૭૦ |
| ૧૩ | અજમા | ૧૬૦૦ | ૨૨૯૦ |
| ૧૪ | સોયાબીન | ૭૦૦ | ૯૩૦ |
| ૧૫ | મરચા લાંબા | ૧૪૫૦ | ૪૦૫૦ |
| ૧૬ | કાંગ | ૫૬૫ | ૫૬૫ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં સમર્થ વ્યાયામ મંદિર

અનુસાર શહેરના વિકાસમાં સદાય અગ્રેસર રહેલા પી.પી. સોજીત્રાના પ્રયત્નોથી નગરપાલિકા દ્વારા લેડીઝ–જેન્ટસ જિમનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેની આવક અખાડાને પૂરતા પ્રમાણમાં થઈ રહી છે. આ ઉપરાંત તેમની પહેલથી બેડમિન્ટનકોર્ટ, યોગાસન હોલ તથા ટેનિસ કોર્ટમાં મજબૂત કાર્પેટ ફિટ કરવામાં આવી છે, ટેબલ ટેનિસ માટે બે નવા ટેબલો, વોલીબોલ માટે બે નેટ અને ૧૨ બોલ તેમજ બેડમિન્ટન માટે શટલ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. છતાં સંસ્થાની મિટિંગોમાં તેમને યોગ્ય રીતે આમંત્રિત ન કરવામાં આવતાં નારાજગી જોવા મળે છે.

ફી વધે છે પરંતુ સગવડ શૂન્ય હોવાનો પણ સભ્યોનો આરોપ છે. રનિંગ ટ્રેકની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. લેવલ બગડતાં ઈજાનો ભય રહે છે, જમીનમાંથી પથ્થરો બહાર દેખાઈ રહ્યા છે. શૌચાલયોમાં ગંદકી છે અને પીવાના પાણીની ટાંકીની નિયમિત સાફસફાઈ થતી નથી. આવી પરિસ્થિતિમાં ટ્રસ્ટીઓ અને પ્રમુખ દ્વારા લેવામાં આવેલ ફી વધારાનો નિર્ણય સભ્યો પર આર્થિક બોજ સમાન હોવાનું લોકો જણાવી રહ્યા છે.

સ્થાનિકોનું કહેવું છે કે પૂજય બેચરબાપાના અવસાન બાદ પ્રમુખ બનેલ એમ.કે. સાવલિયા દ્વારા વારંવાર વિવાદ ઊભા થાય એવા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે, જેના કારણે વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. હાલ કરવામાં આવેલા ભારે ફી વધારાને પગલે વિરોધનો વંટોળ વધુ ઉગ્ર બન્યો છે, જેમાં ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય એડવોકેટ બકુલભાઈ પંડયા ખુદ વિદ્યાર્થીઓ સાથે રહીને ખુલ્લેઆમ વિરોધ નોંધાવી રહ્યા છે.

અખાડાની રોજની એન્ટ્રી ફી અગાઉ ૫ રૂપિયા હતી, જેને વધારીને ૮ રૂપિયા કરવામાં આવી છે. જો આ ફી ફરી ૫ રૂપિયા કરવામાં નહીં આવે તો સંસ્થાના ટ્રસ્ટીઓ તથા પ્રમુખ સામે જનઆંદોલન કરવાની ફરજ પડશે એવી ચીમકી પણ ફિટનેસપ્રેમીઓ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

હાલ યુવાનો, યુવતીઓ તથા સિનિયર સિટીઝનોમાં ભારે અસંતોષ ફેલાયો છે. અખાડામાં નિયમિત આવનાર અસંખ્ય લોકો દ્વારા ફી વધારા સામે સખત વિરોધ વ્યકત કરવામાં આવી રહ્યો છે. જો ફી બાબતે પારદર્શકતા અને વ્યવસ્થામાં તાત્કાલિક સુધારા નહીં થાય તો આવનારા દિવસોમાં આ વિરોધ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તેવી શકયતા નકારી શકાતી નથી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૫૩૭ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૫ | ૧૬૦૯ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૮૦ | ૧૨૯૫ |
| ૩ | મગફળી | ૧૦૩૯ | ૧૩૮૧ |
| ૪ | તલ સફેદ | ૧૬૨૦ | ૧૯૬૦ |
| ૫ | તલ કાળા | ૩૨૩૦ | ૪૩૫૦ |
| ૬ | જીરૂ | ૩૦૪૫ | ૪૧૪૫ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૪૫ |
| ૮ | ચણા | ૯૪૫ | ૧૦૩૫ |
| ૯ | અડદ | ૯૧૦ | ૧૧૭૦ |
| ૧૦ | સોયાબીન | ૭૬૦ | ૯૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૨૪ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૪૩૧૧ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૨૮૧ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૫૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૮૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૭૦૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૨૭૫૦ |
| ૧૦ | મગ દેશી | ૨૨૦૦ | ૨૭૫૦ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૨૫૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૧૩ | તુવેર | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ૧૪ | ધાણા | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૧૫ | સોયાબીન | ૮૫૦ | ૯૩૫ |

## રાજુલા : આઈટીઆઈ ખાતે કાલે રોજગાર તથા એપ્રેન્ટિસશીપ ભરતી મેળો

અમરેલી, તા. ૩

ઔદ્યોગિકલ તાલીમ સંસ્થા રાજુલા દ્વારા આગામી તા. ૫/૧/૨૬ રાજય સરકારના માર્ગદર્શન અને કુશળ તા વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુસર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ), રાજુલા ખાતે તા. ૫/૧/૨૬, સોમવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે રોજગાર તથા એપ્રેન્ટિસશીપ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં રાજકોટ સ્થિત નામાંકિત કંપની ઓરબીટ બેરિંગ્સ દ્વારા ભાગ લેવામાં આવશે. જેમાં આઈ.ટી.આઈ.ના ફિટર, વેલ્ડર, મેકેનિક ડીઝલ, ટર્નર, મશીનિસ્ટ, ડ્રાફ્ટસમેન (મેકેનિકલ), ઈન્સ્ટ્રમેન્ટ મેકેનિક તેમજ ડિપ્લોમા મેકેનિકલ એન્જિનિયરિંગ જેવી લાયકાત ધરાવતા ઉમેદવારો માટે રોજગાર તથા એપ્રેન્ટિસશીપની તક ઉપલબ્ધ કરાવવામાં આવશે.


કંપનીના નિયમો અનુસાર ઉમેદવારોને અંદાજિત રૂપિયા ૧૫,૦૦૦થી રૂપિયા ૧૯,૦૦૦ (CTC) સુધીનું વેતન/સ્ટાઈપેન્ડ તેમજ અન્ય સુવિધાઓ આપવામાં આવશે. ઉપરાંત સંબંધિત ટ્રેડમાં હાલના શૈક્ષણિક વર્ષમાં અભ્યાસરત તાલીમાર્થીઓ પણ આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાજુલાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

## અવસાન નોંધ



**ક્રાંકચ :** લીલીયા તાલુકાનાં ક્રાંકચ ગામે રહેતા સમજુબેન ભીમજીભાઈ હેલૈયા (ઉ.વ. ૯૨) તે ભનુભાઈ, રમેશભાઈ તથા વિનુભાઈનાં માતૃશ્રીનું તા. ૧નાં રોજ અવસાન થયેલ છે.

સદગતનું બેસણું તથા પાણીઢોળ આગામી તા. ૬ને મંગળવારનાં રોજ સવારે ૯ કલાકે તેમના નિવાસ સ્થાન ગારીયાધાર રોડ ક્રાંકચ મુકામે રાખેલ છે.



**રાજુલા :** બાવુભાઈ ભીખુભાઈ સરવૈયા તે દિગ્વિજયસિંહ પ્રતાપસિંહનાં પિતાજી અને અર્જુનસિંહ અને યશરાજસિંહ સરવૈયાનાં દાદાનું તા. ૩૧/૧૨/૨૫ નાં રોજ અવસાન થયેલ છે.

## તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૭૫/૨૫ તા. ૧૭/૧૨/૨૦૨૫

**વિવાદી : શ્રી ગનીભાઈ મુસાભાઈ ગોગદા, રહે. બી–૨૦૩, રોયલ હેરીટેજ, રાંદેર, સુલતાન જીમખાના સામે, કોઝવે રોડ, સુરત પીન. ૩૯૫૦૦૯ મો. ૯૮૨૫૨ ૮૨૧૭૨**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી રીઝવાન આર. ચુડાસમા, ઠે. નગરપાલિકા શોપીંગ સેન્ટર દુ.નં. ૧૪, દામનગર, તા. લાઠી, જિ. અમરેલી**

:: વિરૂધ્ધ ::

**પ્રતિવિવાદી : જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, મુ.દામનગર, તા. લાઠી, જિ.અમરેલી.**

**–: જાહેર નોટિસ :– (જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. દામનગર ગામનાં રહીશ આ કામના અરજદારશ્રીના પોતાનો **ગનીભાઈ મુસાભાઈ ગોગદાનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૬ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મ નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા. ૧૫/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ–મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં **મુદ્દત તા. ૧૫/૦૧/૨૦૨૬ના રોજ બપોરનાં ૩–૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સિક્કો

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૮૯ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૯૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૯૦ |
| ૪ | ચણા | ૭૦૦ | ૯૫૧ |
| ૫ | ધાણા | ૧૦૨૦ | ૧૫૦૦ |
| ૬ | મકાઈ | ૨૪૦ | ૨૪૦ |
| ૭ | સોયાબીન | ૬૧૦ | ૯૪૦ |
| ૮ | મગફળી | ૮૦૦ | ૧૨૯૫ |
| ૯ | ચણા સફેદ | ૮૦૦ | ૮૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૧૦ | ૧૩૮૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ૧૨ | લસણ | ૮૦૦ | ૧૩૦૦ |

### કેશોદ, માંગરોળ, માળીયા, ચોરવડાના પ્રભારી બનાવાયા

## અમરેલી જિલ્લા કોંગી પ્રમુખ શાંતિલાલ રાણવાને મહત્વની જવાબદારી સોંપાઈ

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નિમણુંક કરાઈ

અમરેલી, તા. ૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા દ્વારા ગુજરાતભરના તમામ તાલુકાઓમાં આગામી તાલુકા જિલ્લા પંચાયત તથા નગરપાલિકાની ચુંટણીઓ માટે બુથ લેવલથી સેકટર, મંડળ, ગ્રામ્ય સમિતિઓની રચના કરવા, જનસંવાદ કરવા એસઆઈઆરની કામગીરીનું વિશ્લેષણ કરવા તેમજ સમગ્ર રીતે કોંગ્રેસનું સંગઠન મજબુત કરવા, જુનાગઢ જિલ્લાના કેશોદ, માંગરોળ, માળીયા, ચોરવાડ તાલુકા, નગરપાલિકા માટે પ્રભારી તરીકે અમરેલી જિલ્લ કોંગ્રેસન ઉપપ્રમુખ શાંતિલાલ રાણવાની નિમણુંક કરીને મોટી જવાબદારી સોંપેલ છે. તેમ રાણવાની યાદી જણાવે છે.



## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં

જઈને સર્વે કરતા તેમજ ફરિયાદો આપતા માલુમ પડેલ છે કે આ એજન્સીએ માત્ર વિસ્તારમાં ૪૦% જ કામગીરી કરેલ છે અને કામગીરીમાં અત્યંત બેદરકારી દાખવેલી છે. જેથી તેમનું બીલ મારા વિસ્તારમાં ૪૦% જ ચુકવવું ઉપરોકત એજન્સી મારા વિસ્તાર (વોર્ડ નં. ૭)નું ૪૦% ઉપર બીલ ચુકવવામાં આવશે તો મારા વોર્ડ વિસ્તારના રહીશો તેમજ આગેવાનોના પંચરોજકામ તેમજ સોગંદનામ કરાવી અને કાયદેસરની કાર્યવાહી કરીશું તેમ અંતમાં જણાવેલ છે.

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે. બોરીસાગર બી.એ.એલ.એલ.બી. એડવોકેટ (ગુજરાતહાઈકોર્ટ) રહે, ખાંભા, તા.ખાંભા, જી.અમરેલી, તે આથી મારાં અસીલશ્રી (૧) શ્રી ખમ્માબા કૃષ્ણસિંહ ગોહીલ, રહે. સાણંદ, જિ. અમદાવાદ, (૨) શ્રી નીલદીપ હીતેન્દ્રસિંહ જાડેજા, રહે. બોપલ, અમદાવાદ અને (૩) શ્રી રમેશભાઈ ધનાભાઈ ગઢવી, રહે. ધરમપુર ખંભાળીયા, જિ. જામનગરવાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવાની કે,

(૧) ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના મોજે ગામ : ડેડાણનાં સ.નં. ૧૭૯/૧ પૈકી ૨ની હે.આરે.ચો. ૧–૮૨–૧૧ની ખાતા નં. ૩૬ ઉપર શ્રી જીવણભાઈ ગોરખભાઈ રાઠોડના નામે નોંધાયેલ ખેતીની જમીન મારા અસીલશ્રીઓ ખરીદ કરવા માંગે છે, અને તે અંગે તેઓએ મારી પાસે આ જમીનનો ટાઈટલ કલીયર રીપોર્ટ પણ માંગેલ છે, તો આ મિલકતનાં વેચાણ સંબંધે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે આ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો હોય કે, આ મિલકત ઉપર કોઈપણ વ્યકિતનું કરજ, બોજો કે લીયન હોય કે, આ મિલ્કત ઉપર કોઈપણ વ્યકિતનો કબ્જો–ભોગવટો હોય કે, આ મિલ્કત ઉપર કોઈ દર, દાવો કે તકરારી કેઈસ ચાલતો હોય કે, આ મિલ્કત સંબંધે કોઈનું કોઈપણ અન્ય રીતે હિત સંકળાયેલ હોય, અથવા તો આ મિલ્કતનુ ટાઈટલ કલીયર રીપોર્ટ/સર્ટિફીકેટ આપવા સંબંધે કે વેચાણ દસ્તાવેજ કરાવવા સંબંધે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી અમોને દિન–૭માં રજી. પોસ્ટથી મળી જાય તે રીતે તમામ પ્રકારનાં આધાર–પુરાવા સાથે લેખીતમાં અમારાં નીચેનાં સરનામે જાણ કરવી, જો સદરહું સમય દરમ્યાન કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થા દ્વારા કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવામાં નહિ આવે તો આ મિલ્કત સંબંધે ટાઈટલ કલીયર રીપોર્ટ/સર્ટીફીકેટ આપવા બાબતે કે વેચાણ દસ્તાવેજ કરવા બાબતે કોઈને વાંધો કે તકરાર નથી, અને હોય તો તે જતા કરેલ છે તેમ માની અમો ટાઈટલ કલીયર રીપોર્ટ/સર્ટીફીકેટ આપીશુ, અને મારાં અસીલશ્રી શુધ્ધબુધ્ધનાં ખરીદનાર તરીકે સદરહું જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવશે, જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

સ્થળ: ખાંભા
તારીખ: ૦૩/૦૧/૨૦૨૬

::ઓફિસ::
"ઉપેન્દ્ર કે. બોરીસાગર"–એડવોકેટ
જાફરાબાદ રોડ, મુ.તા. ખાંભા,
જી.અમરેલી.

**ઉપેન્દ્ર કે. બોરીસાગર**
**એડવોકેટ–ખાંભા**
En.No.G-1486/2003
**મો.૯૨૯૦૫ ૦૫૦૯૦**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૧ | ૧૩૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૫૦ | ૧૯૫૦ |
| ૩ | તલ પીળા | ૨૧૮૧ | ૨૧૮૧ |
| ૪ | કપાસ | ૯૫૦ | ૧૫૭૫ |
| ૫ | બાજરો | ૩૭૭ | ૬૦૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૦૭ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૧૦૫૫ |
| ૮ | મગ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૯ | અડદ | ૭૭૮ | ૮૦૦ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૯૭૬ |
| ૧૧ | સોયાબીન | ૭૩૫ | ૭૪૧ |

# બાબરાનાં દેવમુરારી પરિવારે પૌત્રના જન્મદિનની સારહિ તપોવન આશ્રમમાં કરી ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

વર્તમાન સમયમાં જયારે લોકો જન્મદિવસ પાછળ ભપકાદાર ખર્ચ કરતા હોય છે, ત્યારે બાબરાના સામાજિક અગ્રણી અને રામાનંદી સાધુ સમાજના પ્રમુખ પરિવારે માનવતા મહેકાવતું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. બાબરા એપીએમસીના પૂર્વ ઈન્સ્પેક્ટર તથા સવિતાબા કુમાર છાત્રાલય–અમરેલીના ઉપપ્રમુખ પ્રતાપભાઈ લાલદાસભાઈ દેવમુરારીના પૌત્ર અને આદિત્યભાઈ તમન્નાબેનના સુપુત્ર ચિ. મંત્રના દ્વિતીય જન્મદિવસ નિમિત્તે વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા. ચિ. મંત્રએ પોતાના જીવનના બે વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો, તે પ્રસંગે દેવમુરારી પરિવાર દ્વારા અમરેલી સ્થિત 'સારથી તપોવન આશ્રમ' (વૃદ્ધાશ્રમ) ખાતે વસવાટ કરતા ૫૦ જેટલા વડીલો–તપસ્વીઓને શુદ્ધ સાત્વિક ભોજન કરાવી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. આ ઉપરાંત, સેવાના આ યજ્ઞને આગળ ધપાવતા સવિતાબા કુમાર છાત્રાલય–અમરેલી ખાતે પણ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ માટે શ્રીખંડ, પુરી, સમોસા, શાક, પાપડ અને છાશ જેવા સ્વાદિષ્ટ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકને નાનપણથી જ સેવાના સંસ્કાર મળે તેવા શુભ આશય સાથે આ ઉજવણી કરવામાં આવી હતી. આ માંગલિક અવસરે દાદા પ્રતાપભાઈ, મોટાબા વૈશાલીબેન, પિતા આદિત્યભાઈ (અમર ડેરી–અમરેલી) માતા તમન્નાબેન તથા જસદણથી ખાસ પધારેલા ફોઈ–ફુવા નીરાલીબેન અને વિરલકુમાર સહિતના પરિવારજનોએ હાજર રહી સાંજે કેક કાપી ચિ. મંત્રને લાડ લડાવ્યા હતા. સોશિયલ મીડિયા અને ટેલિફોનિક માધ્યમથી પણ મિત્રો–સ્નેહીઓ દ્વારા 'મંત્ર' પર જન્મદિવસની શુભેચ્છાઓનો વર્ષાદ થઈ રહ્યો છે.

### રાજયઊર્જા મંત્રી કૌશિક વેકરીયાનાં વરદ્હસ્તે

## સૂર્યપ્રતાપગઢ મુકામે રૂપિયા ૧.૨૫ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ શાળાનાં મકાનનું થયું લોકાર્પણ

**ભાયાવદરમાં પણ શાળાનું નવુ મકાન બનાવાશે**



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાના કુંકાવાવ –વડીયા તાલુકાના સૂર્યપ્રતાપગઢ મુકામે ' સર્વ શિક્ષાઅભિયાન' હેઠળ અંદાજે રૂા. ૧.૨૫ કરોડના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક શાળાના અદ્યતન નૂતન બિલ્ડિંગનું ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સૂર્યપ્રતાપગઢ મુકામે નવનિર્મિત શાળાના અદ્યતન બિલ્ડિંગમાં બાળકો માટે સ્માર્ટ કલાસરૂમ, પીવાના પાણી અને સેનિટેશન, ફાયર સેફટી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. કાર્યક્રમ દરમિયાન શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે શીલ્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. નવનિર્મિત શાળાના અદ્યતન બિલ્ડિંગ લોકાર્પણ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, ગ્રામ્યથી શહેર કક્ષા સુધી શિક્ષણ, આરોગ્ય, વીજળી સહિતના તમામ ક્ષેત્રમાં સર્વાંગી વિકાસની રાજય સરકારની નેમ છે. જિલ્લામાં પ્રાથમિક શાળાઓના નવા બિલ્ડિંગોના બાંધકામની કામગીરી ઝડપભેર આગળ ધપી છે. વિવિધ શાળાઓના મંજૂર થયેલ પૈકી ૯૦ ટકા બિલ્ડિંગોના કામ પૂર્ણ થયા છે. તેમણે ઉમેર્યુ કે, તાજેતરમાં રાજય સરકારે પંચરોજકામ આધારે રૂા. ૧૦ હજાર કરોડનું રાહત પેકેજ ખેડૂતોને આપ્યું હતું. જે રાજય સરકારનો ઐતિહાસિક નિર્ણય હતો. ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કુંકાવાવ–વડીયાના ભાયાવદર મુકામે પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગના બાંધકામનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અહીં અંદાજે રૂા. ૭૫ લાખના ખર્ચે પ્રાથમિક શાળાનું નવું બિલ્ડિંગ, ૧૦૦ મીટર લંબાઈની દિવાલ બનશે. કામ ઝડપભેર આગળ ધપશે. ઉપરાંત દેવગામ મુકામે અંદાજે કુલ રૂા.૩૧ લાખના ખર્ચે પુર સંરક્ષણ દિવાલના વિકાસકામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

સૂર્યપ્રતાપગઢ મુકામે નવનિર્મિત પ્રાથમિક શાળાના લોકાર્પણ પ્રસંગે કથાકાર ઘનશ્યામબાપુ, તાલુકા પંચાયત હોદેદારો, અન્ય પદાધિકારીઓ, સરપંચ પ્રવિણભાઈ વઘાસીયા, ઉપસરપંચ, સભ્યઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.કુંકાવાવ–વડીયાના ભાયાવદર દેવગામ મુકામે ક્રમશ પ્રાથમિક શાળાના નૂતન બિલ્ડિંગ અને પુર સંરક્ષણ દિવાલના વિકાસકામના ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા પંચાયત હોદેદારો, સરપંચઓ, સભ્યઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલા : શાળા આરોગ્ય અંતર્ગત નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૩

ભારત સરકાર દ્વારા ચાલતા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જીલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ ૦ થી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોની આરોગ્ય તપાસ અને સંદર્ભ સેવા સાથે વિનામુલ્યે સારવાર રાજુલા આરબીએસકે ટીમ દ્વારા કરવામાં આવે છે.જે અંતર્ગત રાજુલા તાલુકાની ટીજેબીએસ ગર્લ્સ હાઈસ્કુલ અને વડનગર–૧ પ્રાઈમરી સ્કુલના કુલ ૧૦૧ બાળકોને તપાસના અંતે આંખના નંબર જણાતા ગુજરાત સરકાર દ્વારા ટૂંક સમયમાં ફ્રી મા ચશ્મા વિતરણ કરવામાં આવશે.

આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોષી અને આરસીએચઓ ડો. એ.કે. સિંઘના માર્ગદર્શન હેઠળ શાળા આરોગ્ય તપાસણી કામગીરી હાથ ધરતા ટીજેબીએસ ગર્લ્સ હાઈસ્કુલ અને વડનગર–૧ પ્રાઈમરી સ્કુલના કુલ ૧૧૦૦ ઉપરાંત બાળકોની આરબીએસકે ટીમના ડો. ઉમેશ બલદાણીયા, ડો. કિર્તી કલસરિયા, સંગીતા લાખણોત્રા અને અવની નિમ્બાર્ક દ્વારા આરોગ્ય તપાસણી કરવામા આવી હતી. જેમા ૧૨૦ બાળકો આંખના નંબરમાં શંકાસ્પદ જણાઈ આવતા ઓપ્થેલમિક આસિસ્ટન્ટ હાર્દિકભાઈ પટેલ દ્વારા દરેકની તપાસ કરતા ૧૦૧ બાળકોને આંખના નંબર જણાઈ આવતા ગુજરાત સરકાર દ્વારા ફ્રી મા ચશ્માનુ વિતરણ કરવામા આવનાર હોવાનુ તાલુકા આરોગ્ય અધિકારી ડો. નિલેશ કલસરીયા દ્વારા જણાવ્યુ હતુ.

બાળકોને આંખની તંદુરસ્તી માટે અને રતાંધળાપણુ અટકાવવા માટે ૯ મહિનાથી લઈ ૫ વર્ષ સુધી દર ૬ મહિને નજીકના આરોગ્ય કેન્દ્ર કે મમતા દિવસના સ્થળે જરૂરી વિટામિન એનો ડોઝ અપાવવા માટે તાલુકા આરોગ્ય અધિકારી ડો. નિલેશ કલસરીયા દ્વારા અપીલ કરાઈ છે જે યાદીમા જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### M.Sc (MB) sem-IIIની પરીક્ષામાં

## અમરેલી : લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.એસ.સી. મહિલા કોલેજનું ૧૦૦ ટકા પરિણામ

**દ્રષ્ટિ દેસાઈ, બંસી કોયાણી અને પુષ્ટી મસરાણી અગ્રેસર**

અમરેલી, તા. ૩

અમરેલી ગજેરા સંકુલમાં આવેલ લેઉવા પટેલ ટ્રસ્ટ સુરત એમ.એસ.સી. મહિલા કોલેજની M.Sc sem-IIIની લેવાયેલ યુનિવર્સિટીનું પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા પરિણામ આવેલ છે. કોલેજની વિદ્યાર્થીની દ્રષ્ટિ દેસાઈ, કોયાણી બંસી અને પુષ્ટી મસરાણીએ અનુક્રમે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ કલાસ મેળવી સંસ્થાનું ગૌરવ વધારતાં ટ્રસ્ટી અને સ્ટાફગણે શુભેચ્છા પાઠવી છે.

### ગંદકીનો માહોલ પણ માથાકૂટ રૂપ બની ગયો

## બાબરામાં કરિયાણા ચોકડી નજીક રહેણાંક વિસ્તારમાં ગંદકી ફેલાવવા બાબતે બઘડાટી

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૩

બાબરા ગામે કરીયાણા ચોકડી પાસે આવેલ આંબેડકરનગરમાં રહેતાં ભાવનાબેન દિલીપભાઈ ખીમસુરીયા નામનાં મહિલા તથા સામાવાળા ગીતાબેન નરેશભાઈ કાળાભાઈ સરવૈયા, કાજલબેન નરેશભાઈ સરવૈયા, ટીનાબેન નરેશભાઈ સરવૈયા, લલીતભાઈ ઉર્ફે લાલુ કાળાભાઈ સરવૈયા, પ્રતાપભાઈ અરવીંદભાઈ સરવૈયા નજીક–નજીક રહેતા હોય અને સામાવાળાઓ ભાવનાબેનના ઘર પાસે કચરો અને એઠવાડ નાખી ગંદકી કરતા હોય. જેથી તેણી સામાવાળાને સમજાવવા જતા સામાવાળાએ મહિલાને કહેલ કે અહી તો બજાર છે કયાં તમારા બાપનુ છે ? તેમ કહીને ગાળો આપી ધકો મારી પછાડી દઈને ઢીકાપાટુનો મુંઢ માર મારવા લાગેલ અને દેકારો થતા મહિલાના સાસુ મંજુબેન મહિલાને છોડાવવા વચ્ચે પડતા આરોપીએ મંજુબેનને પણ ઢીકાપાટુથી માર મારેલ. બાદમાં મહિલાના પતિ દિલીપભાઈ આવી જતા આરોપીએ દિલીપભાઈને કપાળમાં જમણી બાજુએ લોખંડનો સળીયો તથા લાકડી વડે માર મારેલ. આ દરમિયાન મહિલાના દિયર નરેન્દ્રભાઈ તથા મનસુખભાઈ વચ્ચે આવતા આ લોકોએ તેને પણ ઝપા–ઝપી કરવા લાગેલ હતાં. છુટા પથ્થરના ઘા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ જ બનાવમાં સામાપક્ષે નરેશભાઈ કાળાભાઈ સરવૈયાએ પણ સામાવાળા રાહુલભાઈ વશરામભાઈ ખીમસુરીયા, મંજુબેન વશરામભાઈ ખીમસુરીયા, જીકુભાઈ વશરામભાઈ ખીમસુરીયા, સંગીતાબેન જીકુભાઈ ખીમસુરીયા, ટીનુભાઈ વશરામભાઈ ખીમસુરીયા, ભાવનાબેન ખીમસુરીયા સામે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### એડવોકેટ કિશોર પાઠકની દલીલોનાં આધારે

## લીલીયા મોટા : શ્રી શિવશકિત મહિલા કેડીટ કો. ઓપરેટીવ સોસાયટીનાં ૨ બાકીદારોને ૧ વર્ષની સજા

**ચેકની રકમનું વળતર ચુકવવા પણ આદેશ**

લીલીયા, તા. ૩

લીલીયા મોટાની શ્રી શિવશકિત મહિલા કેડીટ કો. ઓપરેટીવ સોસયટીમાંથી સભાસદ (૧) શારદાબેન કાનજીભાઈ સિતાપરા (૨) વૈશાલીબેન લાભુભાઈ પોપટાણીએ ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા માંગણીની નોટીસ આપતા બન્ને બાકીદારોએ વ્યાજ તથા મુદલ નીગણતરી કરી શારદાબેન સિતાપરાએ ચેક રૂા. ૨૬,૮૦૫ તથા વૈશાલીબેનએ ચેક રૂા. ૧,૬૬,૫૧૦/–નો આપેલ આ બન્ને ચેક મંડળીના લીગલ એડવાઈજર કિશોર પાઠક મારફત લીલીયા અદાલતમાં ફોજદારી કેસ નં. ૨૧૫/૨૦૩૫ તથા ૨૬/૨૦૨૫ નો દાખલ કરતા કેસ ચાલીજતા આ બન્ને ઈસમોને એક એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ વ્યાજ સહિત વળતર રૂપે મંડળીને ચુકવવા આદેશ કરેલ છે. અને ચેકની રકમ ન ચુકવેતો વધુ છ છ માસજા સજા ભલગગવા હુકમ કરેલ છે.

આરોપીઓ નામદાર અદાલતમાં ગેરહાજર રહેલ હોય જેથી આરોપીઓ સામે સજા વોરન્ટ ઈસ્યુ કરી પોલીસ ઈન્સ્પેકટર લીલીયાને ધરપકડ કરી જેલ હવાલે કરવા આદેશ કરવામાં આવેલ છે.

# અમરેલી : જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો




તાજેતરમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી દ્વારા વેદ બ્લડ બેંક, અમરેલીના સહયોગથી જિલ્લા અદાલત, અમરેલી ખાતે એક વિશાળ રક્તદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જિલ્લાના મુખ્ય ન્યાયાધીશ રીઝવનાબેન બુખારી, એડિશનલ ડિસ્ટ્રિકટ જજ ડી.એસ. વાસ્તવ, ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ. આર. વકાલીયા, સિનિયર સિવિલ જજ એસ. આર.મુલતાની, સિવિલ જજ કે.બી.પરમાર, ફૂલ ટાઈમ સેક્રેટરી આર.વાય.ત્રિવેદી તેમજ વકીલ મંડળના પ્રમુખ હિરેન્દ્રસિંહ વાળા સહિતના હોદેદારો અને વકીલઓ, તેમજ કોર્ટના કર્મચારીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને રક્તદાન કર્યું હતું. ન્યાયતંત્ર સાથે જોડાયેલા આ મહાનુભાવોએ રક્તદાન જેવા ઉમદા કાર્યમાં જોડાઈને સમાજ પ્રત્યે પોતાની નૈતિક જવાબદારી અને નિષ્ઠાનું ઉદાહરણ પૂરૂંપાડયું હતું. આ ઉમદા સેવાકીય કાર્યની પ્રશંસા કરતા, 'વેદ બ્લડ બેંક'ના ચેરમેન લલિતભાઈ ઠુમ્મર દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન રીઝવનાબેન બુખારીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમને સ્મૃતિચિન્હ અર્પણ કરી, ન્યાયિક વિભાગ દ્વારા કરવામાં આવેલા આ પ્રેરણાદાયી આયોજનને બિરદાવવામાં આવ્યું હતું. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને ન્યાયિક વિભાગ હંમેશા કાયદાકીય માર્ગદર્શનની સાથે સામાજિક ઉત્થાનના કાર્યોમાં પણ અગ્રેસર રહે છે. આ કેમ્પનો મુખ્ય ઉદેશ્ય જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે અને લોકોમાં રક્તદાન અંગે જાગૃતિ આવે તેવો રહ્યો હતો. રક્તદાન દ્વારા સમાજની સેવા કરવાના આ અભિગમને સ્થાનિક લોકો અને સંસ્થાઓએ પણ ખૂબ આવકાર્યો હતો.

